WEBSANKUL®
PUBLICATION

TET-I | TET-II | TAT(S)
TAT (HS) | HTAT | HMAT | AEI
CRC-BRC / શિક્ષણ સેવા વર્ગ-II અને
શિક્ષણ વિભાગની અન્ય તમામ
પરીક્ષાઓ માટે ઉપયોગી
પુસ્તક

શિક્ષક અભિયોગ્યતા

- પાઠ આયોજન
- વર્ગવ્યવહાર
- મૂલ્યાંકન
- મનોવિજ્ઞાન
- કેળવણી
- NEP - 2020
- RTE Act - 2009
- શિક્ષણ સંબંધિત યોજનાઓ અને વર્તમાન પ્રવાહ

સંપાદક
વિકાસ પટેલ

લેખક
ગોસ્વામી સર
ગોહિલ સર

WebSankul Team

સંપાદક

વિકાસ પટેલ

લેખક

ગોસ્વામી સર, ગોહિલ સર

Typing Team

ખુશ્બુ સોલંકી, હિના સિંધલ, પૂનમ પરમાર, કલ્પેશ સોલંકી, જૈનમ દવે, કોમલ રાવળ, ધારા વાઘેલા, ભાવનાબેન પટેલ, નરેન્દ્રભાઈ ગોહિલ, પ્રકાશભાઈ પરમાર, મહંમદ ઇલિયાસ દાણી, દેવેન્દ્રભાઈ ઠક્કર, ભાવના રોહિત, તુલસી ચૌહાણ

Content Team

કાનજી કુછડિયા, અજય ખુંટી, બિપિન પરમાર, પરેશ સિંધવ, સુધીર સોલંકી, ભરત પરમાર, યશવંત પરમાર, સુરજ પટેલ, રાજવીરસિંહ વાઘેલા, ઉમેશ પરમાર, ચંદ્રસિંહ રાઠવા, નિશાંત શાહ, વિજય પટેલ


Designing Team

પારસ ભુવા, શ્રુતિ ઓઝા

Managment Team

મહેશ રખિયાણીયા, મેહુલ ચૌહાણ, કિશન બુટાણી, લખન ભાટિયા, કોરિંગા મૌલિક, ચિરાગ બુટાણી, મનસ્વી ગઢવી, ક્રિશ્ના પટેલ, પાર્થ ગઢવી, રાજેશ પરમાર

શિક્ષક અભિયોગ્યતા



ગુજરાતના તમામ મહેનતુ વિદ્યાર્થીઓને અર્પણ

Book Name : શિક્ષક અભિયોગ્યતા

Copyright© : WebSankul®

Pages : 320

Price : Rs. 300/-

Email : publication@websankul.com

Contact No : 77 77 99 13 48, 96 01 60 83 48

Website : www.websankul.com

© Strictly reserved with the Editor

No Part of this Publication may be reproduced or distributed in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise or stored in a database ors retrieval system without prior written permission of the publishers.

વિશેષ સૂચના

સંપાદક તથા પ્રકાશક દ્વારા પુસ્તકના તમામ તથ્યોની યોગ્યતા તપાસમાં આવી છે, તેમ છતાં કોઈપણ ક્ષતિ માટે પ્રકાશક, સંપાદક, મુદ્રક જવાબદાર રહેશે નહીં.

: પ્રસ્તાવના :

વ્હાલા પ્રશિક્ષણાર્થી મિત્રો,

આપ સૌએ D.El.ed (P.T.C.) કે B.ed. પૂર્ણ કરીને શિક્ષક તરીકેની વ્યાવસાયિક સજ્જતા તો કેળવી લીધી હશે, પરંતુ સરકારી શાળામાં શિક્ષક તરીકે પસંદગી પામવા માટે આપે TET-I & II કે TAT (S) & (HS) ની પરીક્ષા સારા ગુણ સાથે પાસ કરવી અનિવાર્ય છે.

આ TET અને TATની પરીક્ષામાં શિક્ષણ અને મનોવિજ્ઞાન વિષય એ ખૂબ જ મહત્ત્વરૂપ ગુણભાર ધરાવે છે. જેને ધ્યાનમાં રાખીને G.C.E.R.T. ના D.El.ed મોડ્યુલ, અલગ-અલગ યુનિવર્સિટીઓના B.ed. નાં પુસ્તકો અને શિક્ષણ વિભાગની કચેરીઓની વેબસાઈટોનો સઘન અભ્યાસ કરીને તેનો સાર આ પુસ્તકમાં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.


આ પુસ્તક આપને સરકારી શાળામાં શિક્ષક બનવા માટે યોગ્ય માર્ગદર્શક નીવડશે તેવી આશા છે.

<u>લેખક</u>

ગોસ્વામી સર, ગોહિલ સર

: ઋણ સ્વીકાર :

આ પુસ્તક તૈયાર કરવામાં જરૂરી સાહિત્ય, માહિતી અને કન્ટેન્ટ એકત્રિત તેમજ તૈયાર કરવામાં મદદ કરનાર ચંદ્રદિપસિંહ ચુડાસમા, વિશ્વજીતસિંહ ગોહિલ, ધીરેનભાઈ રાજપૂત, છાયા રાઠોડ તેમજ પુસ્તકની ડિઝાઈન અને ફોર્મેટ કરવામાં મદદરૂપ થનાર કલ્પેશ સોલંકી, ખુશ્બુ સોલંકી, હિના સિંધલ, પૂનમ પરમાર, કોમલ રાવળ, દેવેન્દ્રભાઇ ઠક્કર, નરેન્દ્રભાઈ ગોહિલ અને સમગ્ર WebSankul Publication ટીમનો અવિરત સહકાર અને મદદ બદલ આભાર.



: અનુક્રમણિકા :

ભાગ-1 : શિક્ષણ

01. વર્ગવ્યવહાર અને તેના ઘટકો 03

02. માઇક્રોટીચિંગ અને અધ્યાપન કૌશલ્યો 11

03. અધ્યયન અને અધ્યાપન સૂત્રો 20

04. અધ્યાપનની પદ્ધતિઓ 25

05. મૂલ્યાંકન અને S.C.E. પત્રકો 43

06. અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ 57

07. સેતુ પાઠ, સાદો પાઠ અને એકમ પાઠ 60

08. બેન્જામિન બ્લૂમ 67

09. ક્રિયાત્મક સંશોધન 70

10. સિમ્યુલેશન 76

11. કેળવણીનો અર્થ અને સ્વરૂપ 78

12. કેળવણીની તાત્ત્વિક વિચારધારાઓ 83

13. ભારતીય અને પશ્ચિમી ચિંતકો 91

14. શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 (R.T.E. Act, 2009) 97

15. શિક્ષણનો અધિકાર નિયમો, 2012 (R.T.E Rules 2012) 106

16. શિક્ષણ પંચો 113

17. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 126

18. શિક્ષણનું માળખું અને સંસ્થાઓ 139

19. બંધારણમાં શિક્ષણની જોગવાઈ 148

20. શિક્ષણ સંબંધિત યોજનાઓ 152

ભાગ-2 : મનોવિજ્ઞાન

21. મનોવિજ્ઞાન: એક વિજ્ઞાન 185

22. અભ્યાસ પદ્ધતિઓ 192

23. માનવ વિકાસ 198

24. વર્તનના જૈવીય આધારો 207

25. બોધાત્મક પ્રક્રિયાઓ 215

26. સ્મરણ અને વિસ્મરણ 221

27. ભાષા અને પ્રત્યાયન 227

28. વ્યક્તિત્વ 232

29. પ્રેરણા અને આવેગ 241

30. ચેતનાની બદલાયેલી અવસ્થાઓ 248

31. સંવેદન, ધ્યાન અને પ્રત્યક્ષીકરણ 255

32. શીખવાની ક્રિયા 261

33. બુદ્ધિ 268

34. મનોવલણ અને પૂર્વગ્રહ 276

35. મનોભાર અને સ્વાસ્થ્ય 284

36. મનોવિકૃતિઓ 289

37. સલાહ અને મનોપચાર 300

38. પર્યાવરણ અને વર્તન 307

39. બચાવ પ્રયુક્તિઓ 310

ભાગ-1

શિક્ષણ

01 વર્ગવ્યવહાર અને તેના ઘટકો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- શિક્ષણ વ્યવહાર
- વર્ગ વ્યવહાર
  - વર્ગ વ્યવહારની સંકલ્પના
  - વર્ગ વ્યવહારનો અર્થ
  - અસરકારક વર્ગવ્યવહારમાં ધ્યાનમાં રાખવાની બાબતો
- પ્રો. નેડ ફ્લેન્ડર્સનું વર્ગીકરણ
  - વર્ગ વ્યવહારના શૈક્ષણિક ફલિતાર્થો
  - પ્રો. નેડ ફ્લેન્ડર્સના વર્ગીકરણની મર્યાદાઓ
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો અને લેખિત પ્રશ્નો

શિક્ષણ વ્યવહાર

- વિદ્યાર્થીને સિદ્ધિની પારંગતતા સ્તર સુધી લઈ જવા વર્ગખંડમાં, શાળામાં, શાળાની બહાર, મા-બાપ, વાલીઓ તેમજ સમાજ સાથે થતો સમગ્ર વ્યવહાર એટલે શિક્ષણ વ્યવહાર. શિક્ષણ વ્યવહાર એ વર્ગખંડમાં થતા વ્યવહાર પૂરતો મર્યાદિત નથી.
- વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ કે રાષ્ટ્રીય પર્વની ઉજવણી, સમાજમાં યોજાતાં વિવિધ સેવાકીય કાર્યોમાં ભાગીદારી, શાળામાં યોજાતું પ્રાર્થના-સંમેલન, શૈક્ષણિક પ્રવાસ-પર્યટન, સમૂહ જીવનની પ્રવૃત્તિઓ વગેરે તમામનો શિક્ષણ વ્યવહારમાં સમાવેશ થાય છે.
- શિક્ષણ વ્યવહારને અસરકારક બનાવવા સૈદ્ધાંતિક શિક્ષણની સાથે વધુમાં વધુ પ્રાયોગિક કે પ્રત્યક્ષ શિક્ષણને સ્થાન આપવું જરૂરી છે.
- ઉપરાંત શિક્ષણ વ્યવહારનાં સારાં અને નબળાં પાસાંઓનું પરીક્ષણ કરી વિવિધ ઉપચારાત્મક પગલાં પણ લેવાં, જેથી શિક્ષણ વ્યવહાર ખરા અર્થમાં અર્થપૂર્ણ બની રહે.

વર્ગ વ્યવહાર

સંકલ્પના

- વર્ગ શિક્ષણની પ્રક્રિયા દ્વિધ્રુવી છે. એક બાજુ શિક્ષક અને બીજી બાજુ વિદ્યાર્થીઓ છે. બંને વચ્ચે 40 મિનિટના સમયગાળા દરમિયાન અશાબ્દિક અને શાબ્દિક વ્યવહારો જન્મતા હોય છે.
- વર્ગની આ બધી ઘટનાઓથી વર્ગખંડનું વાતાવરણ (Classroom Atmosphere) બંધાય છે. આ વાતાવરણ મનોવૈજ્ઞાનિક હોય છે.
- આ વાતાવરણની કેટલીક બાબતો નોંધી શકાય તેવી પણ હોય છે. વર્ગ બહારની અસરો નોંધી તેમાંથી શિક્ષક - વિદ્યાર્થીના વર્તનમાં ફેરફાર લાવી શકાય તે માટે કેટલાક મનોવૈજ્ઞાનિકોએ પ્રયત્નો કર્યા છે.
- મનોવૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં કેટલાક પ્રયોગો કરી કેટલાંક અવલોકનો તારવ્યાં છે.
- આ મનોવૈજ્ઞાનિકોમાં સૌપ્રથમ આર. લેઇપ્સ નામના અમેરિકન વિદ્વાને વર્ગ વ્યવહારના વિશ્લેષણ માટે ઘટકોના સેટ (A set of categories) માટેની રીત વિકસાવી. ત્યાર બાદ અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના પ્રો. નેડ ફ્લેન્ડર્સે શિક્ષક - વિદ્યાર્થી વચ્ચેના શાબ્દિક વ્યવહાર વિશે વર્ગ વ્યવહારના વર્ગીકરણના 10 ઘટકોની રીત વિકસાવી.
- નેડ ફ્લેન્ડર્સની આ રીત ખૂબ જ પ્રચલિત બની છે.
- આ ઉપરાંત, એમિડન અને સાયમન (Amidon અને Simon) (1965)ને વર્ગ વ્યવહારના વર્ગીકરણનો પ્રયાસ કર્યો હતો.
- હગ અને હાનિંગમેન તથા અગાઝારડોન અને હંટર (Agazardon અને Hunter) (એગાઝાર્ડન તથા હંટર)ની રીતો પણ અસ્તિત્વમાં આવી.
- આ બધી રીતો ફ્લેન્ડર્સની રીત સાથે જ નજીકનો સંબંધ ધરાવતી રીતો છે. પરંતુ, બધામાં નેડ ફ્લેન્ડર્સની રીત ખૂબ જ પ્રચલિત બની છે.

અર્થ

- વિદ્યાર્થીઓના ચોક્કસ સમૂહને વર્ગમાં કોઈ એક વિષયનો એક એકમ શીખવતી વખતે શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતી વિચાર, વાણી અને વર્તનના આદાન-પ્રદાનની તમામ પ્રકારની ક્રિયા એટલે વર્ગ વ્યવહાર.
- વર્ગખંડનું શિક્ષણ કાર્ય વધારે અસરકારક અને જીવંત બને તે માટે વર્ગખંડમાં ત્રણ પ્રકારની આંતરક્રિયા થાય છે:

02 માઈક્રોટીચિંગ અને અધ્યાપન કૌશલ્યો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- માઇક્રોટીચિંગ
  - માઇક્રોટીચિંગની સંકલ્પના
  - માઇક્રોટીચિંગની વ્યાખ્યાઓ
  - માઇક્રોટીચિંગની લાક્ષણિકતાઓ
  - માઇક્રોટીચિંગનાં સોપાનો
  - માઇક્રોટીચિંગનું મહત્ત્વ
  - માઇક્રોટીચિંગની જરૂરિયાત
- અધ્યાપન કૌશલ્ય
  - અધ્યાપન કૌશલ્યનો અર્થ
  - અધ્યાપન કૌશલ્યની વ્યાખ્યા
  - અધ્યાપન કૌશલ્યના પ્રકારો
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો અને લેખિત પ્રશ્નો

માઇક્રોટીચિંગ

સંકલ્પના

- માઇક્રોટીચિંગ એ એક તકનીક છે, જેનો ઉપયોગ પ્રશિક્ષાર્થીમાં કૌશલ્ય વિકાસ માટે કરવામાં આવે છે.
- માઇક્રોટીચિંગની અવધારણા 'ડ્વાઇટ એલન' દ્વારા 1963માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી 'કેલિફોર્નિયા અમેરિકા'માં આપવામાં આવી હતી.
- ભારત માઇક્રોટીચિંગની શરૂઆત 'ડી.ડી તિવારી' દ્વારા 1967માં અલ્હાબાદ યુનિવર્સિટીમાં થઈ હતી.
- ગુજરાતમાં માઇક્રોટીચિંગની શરૂઆત એમ.એસ.યુનિ. વડોદરા ખાતે થઈ હતી.

વ્યાખ્યાઓ

- માઇક્રોટીચિંગ એ નાના પાયા પરનો શિક્ષણ પ્રયોગ છે.
  - ડ્વાઇટ એલન
- માઇક્રોટીચિંગ એક સિમ્યુલેશન અથવા વાસ્તવિક પરિસ્થિતિ જેવી પરિસ્થિતિ છે, જે વિશિષ્ટ કૌશલ્યની પ્રાપ્તિ તરફ એકાગ્રતા કેળવે છે, એ એક એવી પદ્ધતિ છે કે જેમાં પ્રશિક્ષણાર્થી ઓછા સમયમાં ઓછા વિદ્યાર્થી સમક્ષ એક વિશિષ્ટ કૌશલ્ય પર પ્રભુત્વ મેળવવા માટે મહાવરો કરે છે. **- ડો. કુલકર્ણી**
- માઇક્રોટીચિંગ નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ શિક્ષણવ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એક અધ્યાપન કૌશલ્યમાં પ્રાવીણ્ય મેળવી બીજા કૌશલ્યમાં આગળ વધવા શિક્ષણ વ્યવહાર કરાવે છે. માઇક્રોટીચિંગમાં શિક્ષણની પ્રક્રિયાઓ, સમય, પાઠની લંબાઇ અને વર્ગનું કદ નાના પાયામાં હોય છે.
  - એલન

લાક્ષણિકતાઓ

- કોઈ એક અધ્યાપન કૌશલ્યને ધ્યાને રાખી, પાંચથી સાત વિદ્યાર્થીઓ સમક્ષ, પાંચથી સાત મિનિટ માટે એક નાના વિષયવસ્તુનું અધ્યાપન કાર્ય કરે જેનું Video Recording કરી શકાય અને પ્રતિપુષ્ટિ મેળવી પોતાના વર્તનમાં પરિવર્તન લાવી અધ્યાપન કૌશલ્ય પર પારંગતતા મેળવી શકાય.
  1. પાઠની સમય મર્યાદા - 5 થી 7 મિનિટ
  2. વિષય વસ્તુ - કોઈ એક નાનો ખ્યાલ (એકમ) કે જે 5 થી 7 મિનિટમાં રજૂ થઈ શકે.
  3. વિદ્યાર્થીઓની સંખ્યા - 5 થી 7 વિદ્યાર્થી જૂથ
  4. અધ્યાપન કૌશલ્ય - ફક્ત એક જ અધ્યાપન કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત

માઇક્રોટીચિંગના સોપાન (કુલ સોપાનો 6)

માઇક્રોટીચિંગના સોપાન

1. સૂક્ષ્મ પાઠનું આયોજન
2. શિક્ષણ કાર્ય (6 મિનિટ)
3. પ્રતિપૃષ્ટિ (6 મિનિટ)
4. પુનઃ આયોજન (12 મિનિટ)
5. પુનઃ શિક્ષણ (6 મિનિટ)
6. પુનઃ પ્રતિપૃષ્ટિ (6 મિનિટ)

WEBSANKUL

- વિદ્યાર્થીઓને જ્ઞાત પરથી અજ્ઞાત, મૂર્ત પરથી અમૂર્ત તરફ લઇ જઇએ છીએ.

ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

- વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી ટકાવી રાખવા માટે શિક્ષકની વર્તન-તરેહમાં સમજપૂર્વક ફેરફાર કરવાનું કૌશલ્ય એટલે ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય.

ઉત્તેજના પરિવર્તન કરતાં ઘટકો

(1) હલનચલન

(2) હાવભાવ

(3) વાણીમાં આરોહ-અવરોહ

(4) માહિતીની રજુઆત દરમિયાન વચ્ચે-વચ્ચે વિરામ લેવો.


- ઉપર્યુક્ત દર્શાવેલા ઘટકોનો યથા સમયે યોગ્ય ઉપયોગ કરીને આપણે વર્ગખંડને જીવંત રાખી શકીએ અને બાળકોને ક્રિયાશીલ બનાવી શકીએ તો જ શિક્ષણ કાર્ય અસરકારક બને.

ચાર્ટ

માઇક્રોટીચિંગ (સૂક્ષ્મ અધ્યાપન)

- **પ્રણેતા** : ડ્વાઇટ એલન
- **1963** : માઇક્રોટીચિંગની શરૂઆત → સ્ટેનફર્ડ યુનિવર્સિટી, કેલિફોર્નિયા, USA
- **1967** : પ્રાધ્યાપક ડી.ડી.તિવારી દ્વારા ભારતમાં શરૂઆત (અલ્હાબાદ યુનિવર્સિટી)

માઇક્રોટીચિંગના સોપાનો



03 અધ્યયન અને અધ્યાપન સૂત્રો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- અધ્યયન અને અધ્યાપનનો અર્થ
- અધ્યાપન સૂત્રો
  - અધ્યાપન સૂત્રોનો અર્થ
  - અધ્યાપન સૂત્રોની સંકલ્પના
  - અધ્યાપન સૂત્રોનું મહત્ત્વ
  - અધ્યાપનનાં સૂત્રો
- સ્વ-મૂલ્યાંકન: પ્રાથમિક અને મુખ્ય પરીક્ષા

અધ્યયન અને અધ્યાપનનો અર્થ

- અધ્યયન એટલે શીખવું અને અધ્યાપન એટલે શીખવવું.
- મહાવરા અને અનુભવને પરિણામે સમય અનુસાર થતું સ્થાયી પરિવર્તન કે ફેરફાર એટલે અધ્યયન.
- શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને ચોક્કસે હેતુ સિદ્ધ કરવા માટે વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિ દ્વારા જે શિક્ષણ કાર્ય કરાવવામાં આવે તેને અધ્યાપન કહે છે.
- આ બંને પ્રક્રિયાને અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા કહે છે.
- ઉ.દા ખેલાડી અને કોચ, શિક્ષક અને વિદ્યાર્થી

અધ્યાપન સૂત્રો

અર્થ (Meaning)

- અધ્યાપન દરમિયાન થયેલા અનુભવો, શિક્ષણ વ્યવહારનું અવલોકન અને તે અંગે ચિંતનના પરિણામે તારવવામાં આવેલ વર્ગ વ્યવહારને લગતાં સામાન્યીકરણો એટલે અધ્યાપન સૂત્રો.
- અધ્યાપનનાં સૂત્રો એ વૈજ્ઞાનિક ઢબે પ્રયોગો દ્વારા શોધાયેલા નિયમો કે સિદ્ધાંત નથી, અનુભવ, વિચાર અને નિરીક્ષણની નીપજ છે.

સંકલ્પના

- અધ્યાપન સૂત્રોને વ્યાપક બનાવનાર ડો. જે.વેલ્ટન હતા.
- અધ્યાપન સૂત્રો અધ્યાપન કાર્યના અનુભવોનો પરિપાક છે. અનુભવ, ચિંતન અને નિરીક્ષણની નીપજ છે. હર્બર્ટ સ્પેન્સર નામના કેળવણીકારે એમના 'એજ્યુકેશન' નામના પુસ્તકમાં સૂત્રોની ચર્ચા કરી છે.
- ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે વિચાર સમૃદ્ધિ પ્રગટ કરવાની ભાષાકીય રીતિ એટલે સૂત્ર. સૂત્રાત્મક ભાષામાં વ્યક્ત થયેલાં શિક્ષણનાં સત્યો એટલે સૂત્રો.
- સૂત્રો એ નિયમો નથી, કાયદા નથી. કારણ કે, સૂત્રોનો પાયો અનુભવ, વિચાર અને નિરીક્ષણ છે, પ્રયોગ નહીં.
- અધ્યાપન સૂત્રો અધ્યાપકોના અનુભવ અને વિચારોમાંથી તારવેલાં સામાન્યીકરણો છે. અધ્યાપન સૂત્રો સફળ અને સારા અધ્યાપન માટેના માર્ગદર્શક સ્તંભો છે.

અધ્યાપન સૂત્રોનું મહત્ત્વ

- અધ્યાપક માટે પાઠનું આયોજન માર્ગસૂચક બને છે.
- અભ્યાસક્રમના મુદ્દાઓની અસરકારક રજૂઆતમાં સૂત્રોનું મહત્ત્વ વિશેષ છે.
- દા.ત. સરળ પરથી કઠિન પર જવું, જ્ઞાત પરથી અજ્ઞાત પર જવું જેવાં સૂત્રો વર્ગખંડમાં વિદ્યાર્થીઓના પૂર્વાનુભવોને વણી લઈ અભ્યાસક્રમની રજૂઆત સરળ અને ક્રમિક બનાવે છે.
- વિદ્યાર્થીઓની વૈયક્તિક ભિન્નતા પારખીને માનસિક રીતે તત્પર બનાવવામાં સૂત્રો ઉપયોગી થઈ પડે છે.
- અધ્યાપન કાર્યનું મહત્ત્વનું અંગ મૂલ્યાંકન છે, જેમાં સૂત્રો માર્ગદર્શક - દીવાદાંડી રૂપ બની રહે છે.

અધ્યાપન સૂત્રો

1. જ્ઞાત પરથી અજ્ઞાત
2. સરળ પરથી કઠિન (સંકુલ) તરફ જવું
3. મૂર્ત પરથી અમૂર્ત તરફ જવું
4. પૃથક્કરણ પરથી સંયોગીકરણ તરફ જવું.
5. વિશિષ્ટ પરથી સામાન્ય તરફ જવું (Proceed from Particular to General)
6. સમગ્ર પરથી અંશ તરફ જવું (Proceed from whole to part)
7. અનુભવજન્ય તરફથી બુદ્ધિગમ્ય તરફ જવું
8. આગમન પરથી નિગમન તરફ જવું

04 અધ્યાપનની પદ્ધતિઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- અધ્યાપન પદ્ધતિની સંકલ્પના
- અધ્યાપન પદ્ધતિ, પ્રવિધિ અને પ્રયુક્તિ વચ્ચેનો ભેદ
- અધ્યાપન પ્રવિધિ/પ્રયુક્તિનો અર્થ
- અધ્યાપન પ્રયુક્તિઓ/પ્રવિધિઓ
- અધ્યાપન પદ્ધતિઓ
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો અને લેખિત પ્રશ્નો

અધ્યાપન પદ્ધતિની સંકલ્પના

- શિક્ષક વર્ગખંડમાં જ્ઞાનનું પોટલું ખોલી દે તેનાથી યોગ્ય અધ્યાપન થતું નથી. કારણ કે શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું હોય છે.
- આ પરિવર્તન લાવવા જે કઈ શીખવવાનું છે તે વિષયવસ્તુને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવાની સુગ્રથિત, વ્યવસ્થિત, વિશાળ ફલક ઉપરની એક નિશ્ચિત શૈલી ધરાવતી અધ્યાપનની રીત નક્કી કરવી પડે.
- આવી ચોક્કસ સ્વરૂપ ધરાવતી અને અધ્યાપન અનુભવો પૂરા પાડવાની જે મુખ્ય કર્મયોજના વિચારાય છે તેને અધ્યાપન પદ્ધતિ કહેવાય છે.
- પ્રવચન પદ્ધતિ, પ્રશ્નોત્તર પદ્ધતિ, પેનલ ચર્ચા પદ્ધતિ, આગમન પદ્ધતિ, નિગમન પદ્ધતિ પૃથક્કરણ પદ્ધતિ, સંયોગીકરણ પદ્ધતિ, તુલના પદ્ધતિ, પ્રવાસ પદ્ધતિ, જીવન વૃત્તાંત પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિ, પરિસંવાદ પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, નિરીક્ષણ અભ્યાસ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, સમસ્યા-ઉકેલ પદ્ધતિ વગેરે અધ્યાપન પદ્ધતિઓનાં ઉદાહરણ છે.

અધ્યાપન પદ્ધતિ, પ્રવિધિ અને પ્રયુક્તિ વચ્ચેનો ભેદ

અધ્યાપન પદ્ધતિ

- વિષયવસ્તુની ક્રમિક રજુઆત માટેની સમગ્રતયા યોજના એટલે અધ્યાપન પદ્ધતિ. અધ્યાપન પદ્ધતિ અભિગમ પર આધારિત છે. સામાન્ય રીતે અધ્યાપન પદ્ધતિને વર્ગખંડ શિક્ષણ પૂર્વે અસરકારક શિક્ષણ માટે સફળ સાબિત થઈ શકે તેવી વિચારવામાં આવે છે.
- અધ્યાપન પદ્ધતિ કાર્ય યોજના છે તો પ્રવિધિ, પ્રયુક્તિ અને પ્રવૃત્તિ એ કાર્ય યોજના આધારિત વર્ગખંડમાં થતું કાર્ય છે. પ્રવિધિ માટે અંગ્રેજીમાં Technique શબ્દ પ્રયોજાય છે. વર્ગખંડ અધ્યાપન-અધ્યયન દ્વારા કોઈ ચોક્કસ અધ્યયન હેતુની પૂર્તિ માટે પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવે છે. પદ્ધતિ એ પ્રક્રિયા (Procedural) ને લગતી બાબત છે. જ્યારે પ્રવિધિએ અમલીકરણ (Implementational) ને લગતી બાબત છે.
- પદ્ધતિ વિશાળ છે જ્યારે પ્રવિધિ અને પ્રયુક્તિ ટૂંકી છે.

અધ્યાપન પ્રવિધિનો અર્થ

- પ્રવિધિ માટે અંગ્રેજીમાં Technique શબ્દ પ્રયોજાય છે. વર્ગખંડ અધ્યાપન-અધ્યયન દ્વારા ચોક્કસ અધ્યયન હેતુની પૂરતી માટે પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવે છે.
- પ્રવિધિ એ અમલીકરણ (Implementation) ને લગતી બાબત છે.
- પ્રવિધિનો ઉપયોગ વર્ગખંડ શિક્ષણ દરમિયાન થતો હોય છે. પ્રવિધિ અને પ્રયુક્તિ સમાન છે.
- આ પ્રવિધિઓ અધ્યાપન કાર્યને વધુ સરળ, વધુ અર્થપૂણ અને વધુ ઉપયોગી બનાવવાની દિશામાં અસરકારક ભૂમિકા ભજવે છે. નાટ્યીકરણ, ગાન, નિદર્શન અને કઠપૂતળી પ્રયુક્તિ વિશે જોઈએ.

અધ્યાપન પ્રયુક્તિઓ/પ્રવિધિઓ

◆ નાટ્યીકરણ-પાત્રાભિનય

- ભાષા, પર્યાવરણ અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં પાઠ્યપુસ્તકના કેટલાક એકમ નાટ્યસ્વરૂપે રજૂ થઈ શકે તેવા હોય છે. તેમનું અધ્યાપન દરમિયાન એકમનું નાટ્ય રૂપાંતર કરી, એનાં પાત્રો વર્ગના વિદ્યાર્થીઓ નાટક સ્વરૂપે ભજવે તો શિક્ષણ કાર્ય રસપ્રદ બને છે.

05 મૂલ્યાંકન અને S.C.E. પત્રકો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- મૂલ્યાંકન
  - મૂલ્યાંકનની સંકલ્પના
  - મૂલ્યાંકનની વ્યાખ્યાઓ
  - મૂલ્યાંકનના હેતુઓ
  - મૂલ્યાંકનનું મહત્ત્વ
  - મૂલ્યાંકન પ્રક્રિયાનાં સોપાનો
  - મૂલ્યાંકન ત્રિકોણ (બ્લૂમ ત્રિકોણ)
  - મૂલ્યાંકનના પ્રકારો
  - મૂલ્યાંકનનાં ઉપકરણો
- પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન માળખું (S.C.E. પત્રકો - શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન)
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો અને લેખિત પ્રશ્નો

મૂલ્યાંકન

- 'મનોવૈજ્ઞાનિક અને બાળકોના વિકાસની બાબતમાં ગ્રેડ આધારિત મૂલ્યાંકન સલાહ ભરેલું છે'

મૂલ્યાંકનની સંકલ્પના

- શિક્ષણની પ્રક્રિયાની શરૂઆતમાં નક્કી કરેલા હેતુઓ અનુસાર અધ્યાપનકાર્ય કરવામાં આવે છે. ત્યારબાદ આ હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા તેનું અર્થસભર રીતે અને પદ્ધતિસર વર્ણન કરવામાં આવે તેને મૂલ્યાંકન કહેવાય.
- અધ્યેતાએ શૈક્ષણિક ધ્યેયો કેટલા અંશે સિદ્ધ કર્યા તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.

મૂલ્યાંકનની વ્યાખ્યાઓ

- "શિક્ષણના હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા તે જાણવાની પદ્ધતિસરની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન." - **ગ્રાઉન્ડલેન્ડ**
- "શિક્ષક, વિદ્યાર્થી અને શિક્ષણની યોગ્યતા તપાસવાનું અને ચકાસવાનું કાર્ય કરતી પ્રક્રિયા એટલે મૂલ્યાંકન."
  - **રેમર્સ**
- "મૂલ્યાંકન એક એવી પ્રક્રિયા છે જે નિરંતર તથા વ્યવસ્થિત રીતે ચાલતી રહે છે. આ પ્રક્રિયા પૂર્વ નિર્ધારિત ઉદ્દેશ્યોની પ્રાપ્તિ, શિક્ષણ અનુભવોની અસરકારકતા તથા શિક્ષણના ઉદ્દેશ્યોની પ્રાપ્તિ સાથે સંબંધિત છે."
  - **એન.સી.ઈ.આર.ટી**

મૂલ્યાંકનના હેતુઓ

- વિદ્યાર્થીઓના વિકાસને ગતિશીલ રાખવા.
- નિર્ધારિત હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા, તેના મૂલ્યાંકન માટેની કસોટી રચવી.
- વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ, ખામીઓ તથા ગુણો જાણવાં.
- વર્ગશિક્ષણ પદ્ધતિની સફળતાનું અનુમાન બાંધવા.
- શિક્ષણની પ્રવૃત્તિઓ અને મૂલવણી કરી ભવિષ્યના કાર્યક્રમો માટે સુધારણાની વિગતો સૂચવવી.

મૂલ્યાંકનનું મહત્ત્વ

- મૂલ્યાંકનથી એ ખબર પડે છે કે, શૈક્ષણિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિ કેટલી હદ સુધી થઈ છે.
- મૂલ્યાંકન દ્વારા શિક્ષકોની અસરકારકતા વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.
- મૂલ્યાંકન દ્વારા વિષય-વસ્તુ કે પાઠ્યક્રમમાં પરિવર્તન કરીને સુધારણા લાવી શકાય છે.
- શિક્ષણ પદ્ધતિઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરી શકાય છે.
- મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓની અભિરુચિ, અભિયોગ્યતા, બુદ્ધિ, સર્જનાત્મકતા અને વર્તનની ચકાસણી કરી શકાય છે.

06 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- અભ્યાસક્રમની વિભાવના
- અભ્યાસક્રમ રચનાનાં સોપાનો
- પાઠ્યક્રમનો અર્થ
- અભ્યાસક્રમ અને પાઠ્યક્રમનો તફાવત
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

અભ્યાસક્રમની વિભાવના

- અભ્યાસક્રમને અંગ્રેજીમાં Curriculum કહે છે. તે મૂળભૂત રીતે લેટિન શબ્દ 'Currere' પરથી ઉતરી આવેલ છે. જેનો અર્થ 'દોડવું' થાય છે. આ ક્રિયાપદ પરથી બનેલા Curriculum શબ્દનો અર્થ પ્રાચીન રોમમાં 'દોડની સ્પર્ધા માટેનો માર્ગ' થતો હતો. જે રીતે દોડમાં ચોક્કસ લક્ષ્ય હોય છે અને ત્યાં સુધી પહોંચવા માટેનો માર્ગ હોય છે તે જ રીતે શિક્ષણનાં કેટલાક ધ્યેયો હોય છે અને અભ્યાસક્રમ તે ધ્યેયો સુધી પહોંચાડનાર માર્ગ છે.
- "અભ્યાસક્રમમાં શાળાના નિર્દેશન હેઠળ બાળકને પૂરા પાડવામાં આવતા સમગ્ર શૈક્ષણિક અનુભવોનો સમાવેશ થાય છે." **- હેડન**
- "અભ્યાસક્રમમાં અધ્યેતાના શાળા અને શાળા બહારના અનુભવો તેમજ તેના માનસિક, શારીરિક, સાંવેગિક, સામાજિક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસ માટે અનુભવમાં આવતા વિષયવસ્તુ તેમજ પાઠ્યપુસ્તક કે અન્ય અધ્યયનના સાધન દ્વારા પ્રાપ્ત થતા અધ્યયનના અનુભવોનો સમાવેશ થાય છે. આમ, અભ્યાસક્રમમાં વિષયવસ્તુ, શિક્ષણોપયોગી સામગ્રી, પ્રવિધિ અને પ્રક્રિયા તથા વૈયક્તિક પ્રભાવોનો સમાવેશ થાય."

- ક્રો અને ક્રો

- "અભ્યાસક્રમ એટલે શાળા દ્વારા વિદ્યાર્થીઓને મળતી પ્રવૃત્તિઓ છે. વિદ્યાર્થી કયો વિષય શીખે તે કરતાં કેવા પ્રકારના શૈક્ષણિક અનુભવો તેમને મળવા જોઈએ, એ પ્રત્યે અભ્યાસક્રમનું ધ્યાન કેન્દ્રિત છે."

- ટાયલર

અભ્યાસક્રમ રચનાનાં સોપાનો

- તેની રચનામાં નીચે મુજબનાં સોપાનોનો સમાવેશ થાય છે:
  1. હેતુનિર્ધારણ
  2. સામાજિક સંદર્ભમાં વિશ્લેષણ
  3. જ્ઞાન-વિજ્ઞાનનો સંદર્ભ
  4. વર્તમાન અભ્યાસક્રમનું મૂલ્યાંકન
  5. અભ્યાસક્રમના નમૂનાઓ વિકસાવવા

પાઠ્યક્રમનો અર્થ

- પાઠ્યક્રમને અંગ્રેજીમાં Syllabus કે Course of study તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે શાળા કોલેજોમાં શીખવવામાં આવતા પાઠ્યક્રમને અભ્યાસક્રમ તરીકે ગણી લેવામાં આવે છે. આ છાપ પાછળનું કારણ એ છે કે શિક્ષણ સંસ્થાઓમાં મહદ્અંશે પાઠ્યક્રમ શીખવવાનું જ કાર્ય થતું હોય છે.
- પરીક્ષાઓ પણ પાઠ્યપુસ્તક આધારિત જ લેવામાં આવે છે. સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પાઠ્યપુસ્તક કેન્દ્રિત હોવાથી સ્વાભાવિક રીતે જ પાઠ્યક્રમને અભ્યાસક્રમ ગણી લેવામાં આવે છે.
- અભ્યાસક્રમ કરતાં પાઠ્યક્રમ એ ભિન્ન અને સંકુચિત ખ્યાલ છે. અભ્યાસક્રમ સિંધુ છે તો પાઠ્યક્રમ બિંદુ છે. કોઈ એક કે વધારે વિષયો શીખવવા, તે વિષયો અંતર્ગત વિષયવસ્તુના વૈવિધ્ય અનુસાર પ્રકરણો ગોઠવવાં, જે તે પ્રકરણમાં જરૂરી વિષયાંગોના મુદ્દાઓનો સમાવેશ કરવો વગેરે પાઠ્યક્રમનો ભાગ છે.

07 સેતુ પાઠ, સાદો પાઠ અને એકમ પાઠ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- શિક્ષણમાં આયોજન
- પાઠ આયોજન (સાદો/છુટ્ટો પાઠ)
  - પાઠ આયોજનની વ્યાખ્યા
  - પાઠ આયોજનની પૂર્વશરત
  - પાઠ આયોજનનું મહત્ત્વ
  - પાઠ આયોજનના સોપાનો
  - આદર્શ પાઠ આયોજનનાં લક્ષણો
- સેતુ પાઠ
  - સેતુપાઠની પ્રસ્તાવના
  - સેતુપાઠની સંકલ્પના
  - સેતુપાઠનું મહત્ત્વ
  - તફાવત
- એકમ પાઠ
  - એકમ પાઠની વ્યાખ્યા
  - એકમ પાઠનાં લક્ષણો
  - એકમ પાઠનાં સોપાનો
  - એકમ પાઠનું મહત્ત્વ
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- કોઈપણ કાર્ય કરતા પહેલા તેના અંગે પૂર્વ વિચારણા કરવામાં આવે તો તે કાર્યમાં અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ પૂર્વ વિચારણા એટલે આયોજન.

શિક્ષણમાં આયોજન

- આયોજન એ કાર્યની ઉત્તમ સફળતા માટેની ગુરુચાવી છે. શિક્ષણની પ્રક્રિયા સંકુલ અને અત્યંત સૂક્ષ્મ છે. શિક્ષણની સાથે અનેક બાબતો સંકળાયેલી છે. ત્યારે શિક્ષણમાં આયોજનની જરૂરિયાત રહે છે. શિક્ષણમાં પાઠ આયોજનમાં તાસ આયોજન, એકમ આયોજન નો સમાવેશ કરી શકાય છે.

શૈક્ષણિક હેતુ

- શૈક્ષણિક હેતુ એટલે શિક્ષણ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટેના માર્ગોની સ્પષ્ટ રચના. આ વ્યાખ્યા બેન્જામિન બ્લૂમ (1971) એ તેમના પુસ્તક 'ટેક્સોનોમી ઓફ એજ્યુકેશન ઓબ્જેક્ટિવ્સ' માં આપી હતી.
- શૈક્ષણિક હેતુઓ બે પ્રકારના હોય છે. 1. સામાન્ય હેતુ અને 2. વિશિષ્ટ હેતુ.
  1. **સામાન્ય હેતુ** : સામાન્ય હેતુ લાંબાગાળાના હોય છે તે બધા વિષયો માટે સમાન હોય છે. ઉદા: જ્ઞાન, સમજ, ઉપયોજન વગેરે. એક સામાન્ય હેતુમાં અનેક વિશિષ્ટ હેતુઓનો સમાવેશ થાય છે.
  2. **વિશિષ્ટ હેતુ** : વિશિષ્ટ હેતુ ટૂંકાગાળાના હોય છે. તે વિષયાંગને અનુરૂપ હોય છે. ઉદા: જ્ઞાન પ્રાપ્તિ માટે નિયમ કે વ્યાખ્યાઓ જાણે. અનેક વિશિષ્ટ હેતુઓ ભેગા મળીને એક સામાન્ય હેતુ બને છે.

પાઠ આયોજન

વ્યાખ્યા

- પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર.
  - બોસિંગ
- પાઠ આયોજન એ શિક્ષક દ્વારા થતું, વર્ગ વ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમરૂપ પૂર્વદર્શનની રૂપરેખા છે. **- ભાટિયા અને અરોરા**
- પાઠ આયોજન એ વર્ગમાં કાર્ય કરવાની માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓ અનુભવ પૂરા પાડવાની શિક્ષકની યોજના છે. **- લેસ્ટર સ્ટેન્ડ**

પાઠ આયોજનની પૂર્વ શરતો

- વિષયનું જ્ઞાન, માહિતી, સ્વરૂપ અને વિષયવસ્તુ સંબંધિત કૌશલ્યો પર પ્રભુત્વ હોવું જોઈએ. વિષયવસ્તુની સ્પષ્ટ સમજ માટેનાં ઉદાહરણો શિક્ષક પાસે હોવા જોઈએ.
- બાળકોના અધ્યયન ક્ષમતા, વૈયક્તિક તફાવત, માનસિક વિકાસ, વયકક્ષા અને અધ્યયનના સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઈએ.

WEBSANKUL® PUBLICATION

11 કેળવણીનો અર્થ અને સ્વરૂપ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- કેળવણી
  - › કેળવણીની સંકલ્પના
  - › કેળવણીનો શાબ્દિક અર્થ
  - › કેળવણીની વ્યાખ્યાઓ
  - › કેળવણીના હેતુઓ
  - › કેળવણીના ધ્રુવો
  - › કેળવણી સ્વરૂપો
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

કેળવણી

કેળવણીની સંકલ્પના

- એકવીસમી સદીનો નવો ઉભરતો સમાજ 'જ્ઞાનકેન્દ્રી' સમાજ છે. આ જ્ઞાનકેન્દ્રી સમાજમાં 'જ્ઞાનસર્જન' અને 'જ્ઞાન સંચાલન' એ બે મહત્ત્વના ઘટકો છે. જ્ઞાનસર્જનમાં મહત્ત્વની બાબત સર્જનશીલ અને પારસ્પરિક વિમર્શ દ્વારા પ્રગટ થતું સ્વશિક્ષણ છે.
- શિક્ષણ જગતમાં કેળવણી માટે વિદ્યા, શિક્ષણ, કેળવણી, એજ્યુકેશન, તાલીમ જેવા શબ્દો વપરાય છે.
- બાળકમાં રહેલી આંતરિક શક્તિઓ બહાર લાવી તેનો સર્વાંગી વિકાસ કરવાની પ્રક્રિયાને કેળવણી કહેવામાં આવે છે.

કેળવણીનો શાબ્દિક અર્થ

1. વિદ્યા શબ્દ સંસ્કૃત ધાતુ 'વિદ્' માંથી ઉત્પન્ન થયો છે. 'વિદ્' એટલે જાણવું, જે જાણવાથી બધું જાણી શકાય તે વિદ્યા કહે છે.
2. **શિક્ષણ** : શિક્ષણ શબ્દ 'શાસ્' અને 'શંસ્' પરથી બનેલો છે. જેનો અર્થ શાસન અને 'શાસન' અને શંસન થાય છે. શાસન એટલે વસ્તુના સાચા સ્વરૂપનું જ્ઞાન.
3. **કેળવણી** : ગુજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણી કોશમાં કેળવવું, વ્યવસ્થિત ઉછેર, ખિલવણી, શિક્ષણ, તાલીમ ભણતર, વિદ્યા વગેરે અર્થો દર્શાવ્યા છે.
4. **Education** : વ્યવસ્થિત રીતે માહિતી કે જ્ઞાન આપવાની કે સંપાદન કરવાની પ્રક્રિયા. અંગ્રેજી શબ્દ Education મૂળ લેટિન ક્રિયાપદ - 'Educare' માંથી ઉતરી આવ્યો છે.
   1. **Educare** : To Education - શક્તિઓ કેળવવી, તાલીમ આપવી
      To Bring - ઉછેરવું
      To Raise - પ્રોત્સાહિત કરવું, સર્જવું
   2. **Education** : Act of teaching - તાલીમ, પ્રશિક્ષણ
- ક્યારેક કેળવણી માટે ગ્રીક ભાષામાં 'pedagogy' શબ્દ પણ ઉપયોગમાં લેવાય છે.

વ્યાખ્યાઓ

◆ ભારતીય શિક્ષણ ચિંતકો

- "શિક્ષણ માનવને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે છે". **- ઋગ્વેદ**
- "જે માણસને ચારિત્ર્યવાન અને વિશ્વને ઉપયોગી બનાવે તે તે સાચું શિક્ષણ" **- કૌટિલ્ય**
- "કેળવણી એટલે આત્મસાક્ષાત્કાર" **- શંકરાચાર્ય**
- "કેળવણી એટલે માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ" **- સ્વામી વિવેકાનંદ**
- "કેળવણી એટલે માનવ અને સમાજનું નિર્માણ" **- ડો. રાધાકૃષ્ણન**
- "કેળવણી એટલે બાળક અને માણસનાં શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોનું આવિષ્કરણ." - **ગાંધીજી**
- "કેળવણી એટલે સત્યની સનાતન ખોજ, સત્યની અભિવ્યક્તિ અને સ્વીકૃતિ." **- રવિન્દ્રનાથ ટાગોર**
- "સા વિદ્યા યા વિમુક્તયે" - **ઉપનિષદ**
- શિક્ષણ એ સત્યનું ઓજાર છે, કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ. **- વિનોબા ભાવે**
- "વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ એટલે કેળવણી **- અરવિંદ ઘોષ**

12 કેળવણીની તાત્ત્વિક વિચારધારાઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- આદર્શવાદ
- પ્રકૃતિવાદ
- વાસ્તવવાદ
- વ્યવહારવાદ
- અસ્તિત્વવાદ
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

આદર્શવાદ (Idealism)

- **અન્ય નામ** : વિચારવાદ, આધ્યાત્મિકતાવાદ
- **સામાન્ય અર્થ** : આદર્શવાદ વિશ્વની સૌથી જૂનામાં જૂની વિચારધારા છે.
- આદર્શવાદ એ મનની પ્રકૃતિ, મનના સ્વભાવને વાસ્તવિક માને છે અને આદર્શવાદનો ઉદ્દેશ્ય આત્માનુભૂતિ છે.
- Idealism શબ્દની ઉત્પત્તિ પ્લેટોના આધ્યાત્મિક સિદ્ધાંત પરથી થઈ છે. આદર્શવાદીઓનો દાવો છે કે અંતિમ તત્ત્વ સ્વભાવ શારીરિક ન હોતાં આધ્યાત્મિક છે.
- આદર્શવાદી વિચારધારા મુજબ બ્રહ્માંડની પ્રકૃતિ માનસિક અને આત્મિક છે.
- આદર્શવાદના પિતા પ્લેટો હતા. તેમણે પોતાના પુસ્તક "The Republic"માં જણાવ્યું કે, પરમ ચિત્ત અને સર્વ અમૂર્ત ખ્યાલનો સમન્વય થઈને વિરાટ ખ્યાલ બને છે તે જ પરમ વૈચારિક તત્ત્વ છે.
- આપણી ચેતનાઓ, વિચારો, લાગણીઓ અને આકાંક્ષાઓનો સંબંધ મનથી છે. આ મન એ જ વિચારો ઉત્પન્ન કરવાનું અને વ્યક્ત કરવાનું ઉત્તમ કેન્દ્ર છે. આમ જેમાં મનની સત્તાનો જ મહિમા સ્વીકારવામાં આવ્યો હોય એવી એક વિચારસરણી એટલે આદર્શવાદ.

વિશેષતાઓ

- વસ્તુ કરતાં વિચારને મહત્ત્વ આપવામાં આવે છે.
- નિર્જીવ વસ્તુઓ કરતાં મનુષ્યને મહત્ત્વ આપવામાં આવે છે.
- વ્યક્તિના વિકાસને મહત્ત્વ આપવામાં આવે છે.
- આત્મા અને મનને જ વાસ્તવિક ગણે છે.

વ્યાખ્યાઓ

- આદર્શવાદ એવો સિદ્ધાંત છે જે અંતિમ સત્ય આધ્યાત્મિકતાને માને છે. **- ડી. એમ. દત્તા**
- આદર્શવાદ મનુષ્યના આધ્યાત્મિક પક્ષ પર ભાર મૂકે છે. **- હેન્ડરસન**
- બ્રહ્માંડને પણ પોતાની બુદ્ધિ અને ઈચ્છા છે. બધી જ ભૌતિક વસ્તુઓને મન દ્વારા સ્પષ્ટ કરી શકાય છે. **- રોજન**
- "પદાર્થ ઇન્દ્રિયગમ્ય છે અને વિચાર ચિત્તગમ્ય છે." **- જેમ્સ રોસ**

પ્રવર્તકો- વિચારકો

પશ્ચિમી આદર્શવાદીઓ	ભારતીય આદર્શવાદી
સોક્રેટિસ	ગાંધીજી
પ્લેટો	સ્વામી વિવેકાનંદ
એરિસ્ટોટલ	મહર્ષિ અરવિંદ ઘોષ
ફ્રોબેલ	ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

આદર્શવાદ અને શિક્ષણ

◆ અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ

- પ્રશ્ન પદ્ધતિ
- સંવાદ પદ્ધતિ
- આગમન-નિગમન પદ્ધતિ
- રમત દ્વારા શિક્ષણ
- સમવાયી શિક્ષણ
- નિદર્શન પદ્ધતિ
- ઇન્દ્રિય દ્વારા શિક્ષણ

13 ભારતીય અને પશ્ચિમી ચિંતકો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- ભારતીય ચિંતકો
  - મહાત્મા ગાંધીજી
  - સ્વામી વિવેકાનંદ
  - રવિન્દ્રનાથ ટાગોર
  - અરવિંદ ઘોષ
  - ડો. રાધાકૃષ્ણન
  - ગિજુભાઇ બધેકા
  - નાનાભાઇ ભટ્ટ
- પશ્ચિમી ચિંતકો
  - જહોન ડ્યૂઇ
  - મારિયા મોન્ટેસરી
  - રૂસો
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

ભારતીય ચિંતકો

મહાત્મા ગાંધીજી

- મોહનદાસ કરમચંદ ગાંધી એ એક મહાન સામાજિક-રાજનીતિક સુધારક, મનોવિજ્ઞાની (તત્ત્વજ્ઞાની) અને શિક્ષણવિદ્ હતા.
- **જન્મ** : 2 ઓક્ટોબર 1869, પોરબંદર

◆ ગાંધીજીની મૂળભૂત ફિલોસોફી

- સત્ય, અહિંસા, પ્રેમ, બંધુત્વ, સત્યાગ્રહ, માનવતા, સર્વોદય, રામ રાજ્ય, આર્થિક સમાનતા

◆ ગાંધીજીના મતે શિક્ષણ

- બ્રિટિશ શિક્ષણ એ જૂનું, નબળું અને હાનિકારક તથા વાસ્તવિક ન હોય તેવું છે.
- તે વિદેશી સંસ્થાઓ પર આધારિત છે તથા માત્ર પુસ્તકના જ્ઞાન પર આધારિત છે અને અંગ્રેજી માધ્યમ પર આધારિત છે.
- જ્યારે શિક્ષણ એ માતૃભાષામાં કે સ્થાનિક ભાષામાં હોવું જોઈએ.
- 7 - 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવું.
- સ્વ-સહાયક શિક્ષણ અને શારીરિક શ્રમ પ્રત્યે ગરિમા પેદા થાય તેવું શિક્ષણ હોવું જોઈએ.
- માત્ર પુસ્તકનું જ્ઞાન નહીં, પરંતુ શરીર, મગજ અને આત્માનો વિકાસ થાય અને ચરિત્ર નિર્માણ તથા સર્વાંગી વિકાસ થાય તેવું શિક્ષણ પ્રદાન કરવું જોઈએ.
- એવું શિક્ષણ આપવું જેના આધાર પર જીવન નિર્વાહ થઈ શકે, નૈતિક મૂલ્યો ઉદ્ભવે, પ્રગતિશીલ અભિગમ વિકસે તથા કલા અને હસ્તકલામાં રૂચિ વધે.
- કૌષલ્ય આધારિત અભ્યાસક્રમ રાખવા જોઈએ તથા સંકલિત શિક્ષણ પૂરું પાડવું જોઈએ અને શિક્ષકને વિદ્યાર્થીના માર્ગદર્શક તરીકે ફરજ બજાવવી જોઈએ.

સ્વામી વિવેકાનંદ

- **જન્મ** : 12 જાન્યુઆરી 1863, કોલકાતા
- **મૂળનામ** : નરેન્દ્રનાથ
- **માતા** : ભુવનેશ્વરી દેવી
- **પિતા** : વિશ્વનાથ દત્ત
- **ગુરુ** : સ્વામી રામકૃષ્ણ પરમહંસ
- વર્ષ 1893ના શિકાગો ધર્મ સંમેલનમાં ભાગ લઈ દેશની સંસ્કૃતિને વિશ્વ વિખ્યાત બનાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો. તેમણે 1897માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.

◆ શિક્ષણ દર્શન

- સ્વામી વિવેકાનંદના શિક્ષણ દર્શનનો આધાર વેદ અને ઉપનિષદ હતો.
- તેઓ માનતા કે જ્ઞાન મનુષ્યની અંદર જ રહેલું છે, માત્ર તેને બહાર લાવવાની જરૂરિયાત છે.
- તેઓ એ સમયની શિક્ષણ પ્રણાલીના વિરોધી હતા.
- ચરિત્ર નિર્માણ અને બુદ્ધિના વિકાસ સાથે સંલગ્ન હોય તેવી શિક્ષણ પ્રણાલીના તેઓ હિમાયતી હતા.
- તેઓના મતે સ્વ શિક્ષણ અને વ્યાવહારિક શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ.

14 શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 (R.T.E. Act, 2009)

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 (Right to Education Act, 2009)માં સંસદે પસાર કરી કાયદો બનાવ્યો. તે અધિનિયમ 26 ઓગષ્ટ, 2009ના રોજ મંજૂર થયો અને 27 એપ્રિલ, 2009ના રોજ તેને પ્રસારિત કરવામાં આવ્યો. 1 એપ્રિલ, 2010થી તે અમલી બન્યો.

પ્રકરણ	કલમો	પ્રકારણનું નામ
1.	1 થી 2	પ્રારંભિક
2.	3 થી 5	મફત અને ફરજિયાત શિક્ષણનો હક
3.	6 થી 11	યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો
4.	12 થી 28	શાળા અને શિક્ષકોની જવાબદારી
5.	29 થી 30	અભ્યાસક્રમ અને પાયાનું બુનિયાદી શિક્ષણનું પૂરું પાડવું.
6.	31 થી 34	બાળકોના હકોનું રક્ષણ
7.	35 થી 38	પ્રકીર્ણ

યાદ રાખો

- R.T.E. Act - 2009ની કુલ કલમો - 38
- R.T.E. Act - 2009નાં કુલ પ્રકરણો - 7
- R.T.E. Act - 2009ની કુલ અનુસૂચિ - 1

પ્રકરણ – 1 : પ્રારંભિક


કલમ – 1 : ટૂંકુ શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

- બાળકોને નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણ અધિકાર બક્ષતો ધારો, 2009 સમગ્ર ભારતને લાગુ પડશે.
- કેન્દ્ર સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામું બહાર પાડે તે તારીખથી તે અમલમાં આવશે. (1-4-2010 થી આ ધારાની જોગવાઇ અમલમાં આવી છે.)

કલમ – 2 : વ્યાખ્યાઓ (17 વ્યાખ્યાઓ)

- 'સંબંધિત સરકાર' એટલે
  - (1) કેન્દ્ર સરકારે અથવા વિધાનમંડળ ન હોય ત્યાં કેન્દ્રના વહીવટકર્તાએ સ્થાપેલી, તેની માલિકીની અથવા તેનાથી નિયંત્રિત કરાતી શાળાના સંબંધમાં, કેન્દ્ર સરકાર;
  - (2) પેટાખંડ (1) માં જણાવેલી શાળા સિવાયની નીચેના પ્રદેશમાં સ્થાપેલી શાળાના સંબંધમાં
    - (ક) જે - તે રાજ્યની રાજ્ય સરકાર
    - (ખ) વિધાનમંડળ ધરાવતા સંઘપ્રદેશમાં, તે સંઘ પ્રદેશની સરકાર
- 'ઉપરની વધારાની ફી' એટલે કોઇ પણ પ્રકારનું દાન અથવા ફાળો અથવા શાળાએ અધિસૂચિત કરેલી ફી સિવાયની ફી કે રકમ.
- 'બાળક' એટલે છ થી ચૌદ વર્ષનો છોકરો કે છોકરી.
- 'વંચિત જૂથનું બાળક' એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અથવા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય જાતિ વગેરે પરિબળને કારણે વંચિત રહેલાં બીજા જૂથનાં બાળકો.
- 'નબળા વર્ગનું બાળક' એટલે સંબંધિત સરકારે જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલી લઘુત્તમ મર્યાદા કરતાં જેમના વાલીની વાર્ષિક આવક ઓછી હોય તેવું બાળક.
- 'પાયાનું બુનિયાદી શિક્ષણ' એટલે પહેલાં ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ.
- 'બાળકના સંબંધમાં વાલી' એટલે બાળકની સંભાળ અને કબજો ધરાવતી વ્યક્તિ, અથવા કોર્ટ કે ધારાએ નીમેલી અથવા જાહેર કરેલી વ્યક્તિ.
- 'સ્થાનિક સત્તામંડળ' એટલે મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા જિલ્લા પરિષદ અથવા નગરપંચાયત અથવા પંચાયત.

યાદ રાખો



સ્વમૂલ્યાંકન

હેતુલક્ષી પ્રશ્નો

1. પ્રાથમિક શાળાની 'શાળા વિકાસ યોજના' કોણ તૈયાર કરે છે?
(A) યોગ્ય સરકાર (B) આચાર્ય
(C) સ્થાનિક સરકાર (D) SMC

2. R.T.E.-2009ની કઈ કલમ અંતર્ગત બાળકને શાળામાં નાપાસ કરી શકાતા નથી?
(A) કલમ- 18 (B) કલમ-29
(C) કલમ-17 (D) કલમ-16

3. R.T.E. Act-2009 સમગ્ર ભારતમાં ક્યારે લાગુ થયો?
(A) એપ્રિલ-2010 (B) એપ્રિલ-2009
(C) ઓગસ્ટ-2010 (D) ઓગસ્ટ-2009

4. R.T.E. Act મુજબ S.M.C.ની રચના દર કેટલા વર્ષે કરવાની હોય છે?
(A) 2 વર્ષ (B) 1 વર્ષ
(C) 3 વર્ષ (D) 5 વર્ષ

5. R.T.E. Act મુજબ S.D.P. (સ્કૂલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ) કેટલા વર્ષનો હોય છે?
(A) 2 વર્ષ (B) 1 વર્ષ
(C) 3 વર્ષ (D) 5 વર્ષ

6. 6 વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં, તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો હોય તો તેને તેની ઉંમરના આધારે RTE 2009 અનુસાર કઈ કલમ હેઠળ પ્રવેશ આપવામાં આવશે?
(A) કલમ-3 (B) કલમ-4
(C) કલમ-5 (D) કલમ-6

7. R.T.E. Actની કઈ કલમ મુજબ બાળકને તેની વયકક્ષા મુજબના ધોરણમાં પ્રવેશ આપવાની જોગવાઈ છે?
(A) કલમ-2 (B) કલમ-3
(C) કલમ-4 (D) કલમ-5

8. બાળકોને શારીરિક અને માનસિક ત્રાસ પર પ્રતિબંધ દર્શાવતી કલમ કઈ છે?
(A) કલમ-19 (B) કલમ-17
(C) કલમ-15 (D) કલમ-27

9. બાળકને તપાસ કાર્ય પદ્ધતિ લેવામાં આવે તો તે શાળાને પ્રથમ વાર કેટલા દંડની જોગવાઈ R.T.E.માં છે?
(A) 25 હજાર (B) 50 હજાર
(C) 1 લાખ (D) દંડની જોગવાઈ નથી.

16 શિક્ષણ પંચો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- આઝાદી પહેલાનાં શિક્ષણપંચો
  - વુડનો ખરીતો (1854)
  - હંટર કમિશન (1882)
  - હાર્ટોગ કમિશન (1928-29)
  - સાર્જન્ટ પ્લાન (1944)
- આઝાદી પછીના શિક્ષણપંચો
  - રાધાકૃષ્ણન આયોગ (1948-49)
  - મુદાલિયર પંચ (1952-53)
  - કોઠારી પંચ (1964)
  - પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1968)
  - બીજી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986)
  - આચાર્ય રામમૂર્તિ સમિતિ (1991)
  - યશપાલ સમિતિ (1992)
  - સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1992)
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

આઝાદી પહેલાનાં શિક્ષણપંચો

વુડનો ખરીતો (Wood's Despatch)

- મેકોલે દ્વારા આપવામાં આવેલ અધોગામી નિસ્યંદન સિદ્ધાંત (Downward Filtration Theory)ની નિષ્ફળતાના કારણે ભારતની શિક્ષણ વ્યવસ્થા સામે ઘણી સમસ્યાઓ હતી.
- આ સમસ્યાઓને નિવારવા ઇ.સ. 1853માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટરોએ ભારત માટે ચોક્કસ નીતિ ઘડવાનું નક્કી કર્યું.
- આમ, ભારતીય શિક્ષણના વિકાસ માટે એક માર્ગદર્શિકાની જરૂરિયાત ઊભી થઇ.
- ચાર્લ્સ વુડ દ્વારા 1854માં એક ઘોષણા પત્ર બહાર પાડવામાં આવ્યું જેને 'વુડ્સ ડિસ્પેચ' કે 'વુડનો ખરીતો' તરીકે ઓળખવામાં આવે છે.
- તે ભારતમાં શિક્ષણના પ્રસાર માટેની પ્રથમ વ્યાપક યોજના હતી.
- આમ, વુડનો ખરીતો એ ભારતીય શિક્ષણના 'મેગ્ના કાર્ટા' તરીકે ઓળખાય છે.

ભારતીય શિક્ષણનું મેગ્ના કાર્ટા

- બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવું
- યુવા પેઢીના નૈતિક ચારિત્ર્યનું ઉન્નતિકરણ કરવું.
- મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- વ્યાવસાયિક કૌશલ્યનો વિકાસ કરવો.
- ભારતીય લોકોના સામૂહિક શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- ભારતના મૂળ વતનીઓને શિક્ષિત કરવા જેથી જાહેર સેવકોનો એક વર્ગ બનાવી શકાય.

ભલામણો

- ભારતમાં પદ્ધતિસરની શિક્ષણ વ્યવસ્થા સ્થાપિત કરવી.
- ગ્રામ્ય સ્તરે, સ્થાનિક ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવું.
- જિલ્લા સ્તરે, એંગ્લો વર્નાક્યુલરમાં ઉચ્ચ શિક્ષણ આપવું.
- પ્રેસિડેન્સી ટાઉન્સમાં અંગ્રેજી ભાષામાં કોલેજનું શિક્ષણ આપવું.
- જિલ્લામાં ઓછામાં ઓછી એક સરકારી શાળા ખોલવી.
- બોમ્બે, મદ્રાસ અને કલકત્તા જેવાં શહેરોમાં વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરવી.
- ખાનગી શિક્ષણ વ્યવસ્થાના વિકાસ માટે ગ્રાન્ટ - ઇન - એઇડ આપવી.
- કંપનીના દરેક પ્રાંતમાં શિક્ષણ વિભાગની સ્થાપના કરવી. જેનું કાર્ય શિક્ષણ વ્યવસ્થામાં થતી પ્રગતિની સમીક્ષા કરવી તથા તે બાબતનો રિપોર્ટ સરકારને આપવો.

વુડના ખરીતાનો વિશેષ ભાર

- શિક્ષણ વ્યવસ્થાના તમામ સ્તરે મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપવું.

સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 1992

- વર્ષ 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સંશોધિત કરવા માટે વર્ષ 1992માં તત્કાલ કોંગ્રેસ સરકારે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન જનાર્દન રેડ્ડીની અધ્યક્ષતામાં એક સમીક્ષા સમિતિની રચના કરી. જેમાં છ શિક્ષણમંત્રીઓ તથા 8 શિક્ષણવિદ્દોનો સમાવેશ કરવામાં આવ્યો. આ ઉપરાંત સરકારી અધિકારીઓ અને શિક્ષણવિદ્દોની અલગ - અલગ 22 ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી.
- આ સમીક્ષા સમિતિનો મુખ્ય હેતુ મહિલાઓ, વંચિત વર્ગો અને લઘુમતિઓને શૈક્ષણિક રીતે સક્ષમ બનાવવાનો હતો.
- આ સમિતિએ પ્રોગ્રામ ઓફ એક્શન (POA) ની રજૂઆત કરી જેમાંની ભલામણો નીચે મુજબ છે.


ભલામણો

- ઓપરેશન બ્લેકબોર્ડ અને સ્કુલ કોમ્પ્લેક્સ જેવી યોજનાઓ ચાલુ રાખવી જોઈએ.
- Early childhood Care and Education (ECCE) માટે સરકારી તથા ખાનગી સંસ્થાઓએ સાથે કામગીરી કરવી જોઈએ.
- પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણમાં સુધારો લાવવા આંગણવાડી કાર્યકરોને તાલીમ આપવી.
- દરેક શાળામાં ઓછામાં ઓછા ત્રણ ખંડો તથા ત્રણ શિક્ષકો હોવા જોઈએ.
- સમગ્ર દેશમાં નવોદય વિદ્યાલયોનો વ્યાપ વધારવો જોઈએ.
- વિદ્યાર્થીઓમાં ટેક્નોલોજી અને ડિઝિટલ સાક્ષરતા વધે તેવા સુધારાઓ લાવવા જોઈએ.
- માધ્યમિક સ્તરે વ્યાવસાયિક શિક્ષણ શરૂ કરવું જોઈએ.
- અભ્યાસક્રમ બનાવતી વખતે સામાજિક, આર્થિક અને રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં લેવામાં આવે.
- માધ્યમિક શિક્ષણ બોર્ડનું પુનર્ગઠન કરવામાં આવે.
- 'બિનઔપચારિક શિક્ષણ' માટે નવીન યોજના બનાવવી જોઇએ. જેથી શાળાઓમાં ન જઈ શકે તેવા વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે.
- મહિલાઓ માટે શિક્ષણની વિશેષ નીતિઓ બનાવવી તથા મહિલા સંગઠનો દ્વારા મહિલા અભ્યાસ કેન્દ્રો બનાવવામાં આવે તેવી ભલામણ કરી.
- દૂરસ્થ, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.
- આમ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં વધુ સુધારાઓ ન કરતાં પ્રોગ્રામ ઓફ એક્શન (POA) સ્વરૂપે જરૂરી ભલામણો કરવામાં આવી.

નોંધ

➤ શિક્ષણ નીતિ 2020 વિશે વિસ્તૃત ચર્ચા આગળના પ્રકરણમાં છે.

યાદ રાખો



18 શિક્ષણનું માળખું અને સંસ્થાઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ
  - NCERT
  - NCTE
  - CBSE
- રાજ્ય સ્તરની સંસ્થાઓ
  - GCERT
  - GIET
  - SEB
  - ગુ.રા.શા.પા.પુ. મંડળ
  - GSHSEB
- જિલ્લા સ્તરની સંસ્થાઓ
  - DIET
- તાલુકા સ્તરની સંસ્થાઓ
  - BRC
  - CRC
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ

NCERT (National Council of Educational Research and Training)

- ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા 1 સપ્ટેમ્બર-1961ના રોજ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ (NCERT)ની સ્થાપના કરવામાં આવી. તે સમયની અલગ-અલગ 7 સંસ્થાઓને જોડીને કરીને NCERTની રચના થઈ હતી. તેના અધ્યક્ષ દેશના શિક્ષણ પ્રધાન હોય છે. અને ડિરેક્ટર તરીકે હાલ ડો. દિનેશ પ્રસાદ છે. NCERTનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે.

◆ RIE (Regional Institute of Education)

- પ્રાદેશિક શિક્ષણ સંસ્થા (RIE) એ NCERT દિલ્હીની એક ઘટક એકમ છે. RIEs ની સ્થાપના 1963માં ભારત સરકાર દ્વારા વિવિધ પ્રદેશોને આવરી લેવા વિવિધ ભાગોમાં કરવામાં આવી હતી.

◆ RIE (Regional Institute of Education)

1. RIE AJMER
2. RIE BHOPAL
3. RIE BHUVNESHVAR
4. RIE MYSORE
5. RIE SHILONG

- NCERTના સભ્યો તરીકે (1) રાજ્યો અને UTsના શિક્ષણ પ્રધાનો, (2) યુ.જી.સી.ના ચેરમેન, (3) વિવિધ યુનિવર્સિટીઓમાંથી ચાર કુલપતિઓ ચાર કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત બાર સભ્યો હોય છે. જેમાં ચાર શિક્ષકોનો પણ સમાવેશ થાય છે. આ કાઉન્સિલમાં પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી હોય છે. તેમજ એક મેનેજમેન્ટ કમિટી હોય છે.

NCERT ના કાર્યો

1. શૈક્ષણિક સંશોધનોનું આયોજન કરવું તેમજ સંચાલન કરવું.
2. શિક્ષણક્ષેત્રે નવીનીકરણનાં વિવિધ પ્રયોગો કરવા.
3. વિવિધ પ્રકારના શિક્ષકો માટે સેવાકાલીન તાલીમની જોગવાઈ કરવી.
4. શિક્ષણક્ષેત્ર અંગેની આંકડાકીય માહિતી એકત્ર કરવી અને તેનું વિશ્લેષણ કરવું.
5. શાળાના શિક્ષકો અંગેની તાલીમ અને નિર્દેશન અંગેની જરૂરિયાતોની પૂર્તિ આપવી.
6. સરકારને શિક્ષણની મહત્ત્વની સમસ્યાઓમાં સલાહ આપવી.
7. શૈક્ષણિક ઉદ્દેશોની પૂર્તિ અંગે આવશ્યક સાહિત્ય પ્રસિદ્ધ કરવું.
8. રાજ્ય સરકારોએ વિશિષ્ટ શૈક્ષણિક પ્રશ્નો અને કાર્યક્રમો અંગે માર્ગદર્શન અને સલાહ-સૂચનો પૂરાં પાડવાં.

CRC (ક્લસ્ટર રિસોર્ટ કો-ઓર્ડિનેટર)

- દરેક તાલુકામાં પાંચથી દસ કિલોમીટરની ત્રિજ્યામાં 10 થી 15 શાળાઓનું એક ઝૂમખું બને છે. જેને જૂથ સંસાધન કેન્દ્ર (CRC) કહે છે. તેના વડા CRC કો-ઓર્ડિનેટર હોય છે. જેમની નિમણૂક સમગ્ર શિક્ષા દ્વારા કરવામાં આવે છે.

◆ કાર્યો

- તેમના જૂથની તમામ શાળાઓને માર્ગદર્શન અને મૂલ્યાંકનનું કાર્ય કરે છે.
- જૂથ કક્ષાએ વિજ્ઞાન મેળો, કલા ઉત્સવ, પ્રવેશોત્સવ, રમતોત્સવ, બાળમેળા અને અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.
- રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએથી થતા આદેશો અને પરિપત્રોની સૂચનાની જાણકારી જૂથના શિક્ષકોને આપવી.
- વર્ગ અધ્યાપન માટે શૈક્ષણિક સાધન સામગ્રીનું નિર્માણ કરાવવું તેમજ તેના ઉપયોગ માટે જરૂરી માર્ગદર્શન આપવું.
- જૂથમાં આવેલી શાળાઓની મુલાકાત લેવી તેમજ શિક્ષકોને જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન આપવું.

યાદ રાખો

શિક્ષણ સંસ્થાઓ અને મુખપત્રો	
સંસ્થાઓ	**મુખપત્રો**
ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ	બાળસૃષ્ટિ
G.C.E.R.T.	જીવન શિક્ષણ
ચિલ્ડ્રન યુનિવર્સિટી	બાલ વિશ્વ
ગુજરાત સાહિત્ય અકાદમી	શબ્દ સૃષ્ટિ
ગુજરાતી સાહિત્ય પરિષદ	પરબ
સર્વ શિક્ષા અભિયાન	જ્ઞાનશક્તિ
માધ્યમિક શિક્ષણ બોર્ડ GSHEB	શિક્ષણ અને પરીક્ષણ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ	શિક્ષકજ્યોત
ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ	માધ્યમિક સંદેશ
ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ	હાયર મેસેજ

સ્વમૂલ્યાંકન

હેતુલક્ષી પ્રશ્નો

1. GCERT નું ધ્યેય વાક્ય જણાવો.

(A) સા વિદ્યા યા વિમુક્તયે

(B) અસતો મા સદ્‌ગમય

(C) તેજસ્વીના વધી તમસ્તુ

(D) યોગ કર્મસુ કૌશલમ્

2. GCERT દ્વારા કયું સામયિક પ્રકાશિત થાય છે?

(A) બાળવિશ્વ (B) જીવન શિક્ષણ

(C) જીવન કૌશલ (D) બાલસૃષ્ટિ

3. GCERTની સ્થાપના કયારે થઈ?

(A) 1960 (B)1961

(C) 1962 (D)1967

4. SEB દ્વારા કઈ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે?

(A) P.T.C.

(B) N.M.M.S.

(C) N.T.S.

(D) આપેલ તમામ

19 બંધારણમાં શિક્ષણની જોગવાઈ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- મૂળભૂત અધિકારો
  - અનુચ્છેદ 21(A)
  - અનુચ્છેદ 23
  - અનુચ્છેદ 24
- રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો
  - અનુચ્છેદ 39(e)
  - અનુચ્છેદ 39(f)
  - અનુચ્છેદ 45
- મૂળભૂત ફરજો
  - અનુચ્છેદ 51(A)
- સાતમી અનુસૂચિ
- ભાષા સંબંધિત જોગવાઈ
  - અનુચ્છેદ 350(A)
  - અનુચ્છેદ 351
- સ્વમૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

મૂળભૂત અધિકારો

- ભારતના બંધારણમાં ભાગ 3 અંતર્ગત અનુચ્છેદ-12થી 35 વચ્ચે મૂળભૂત અધિકારોની જોગવાઈ કરવામાં આવી છે.
- મૂળ ભારતીય બંધારણમાં સાત મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા. પરંતુ 1944 ના બંધારણીય સુધારા બાદ સંપત્તિના અધિકારને બંધારણીય આધિકાર બનાવી દેવાયો. હાલ છ મૂળભૂત અધિકારો ઉપલબ્ધ છે.
- સમાનતાનો અધિકાર (અનુ-14 થી 18)
- સ્વતંત્રતાનો અધિકાર (અનુ-19 થી 22)
- શોષણ સામેનો અધિકાર (અનુ-23 થી 24)
- ધર્મની સ્વતંત્રતાનો અધિકાર (અનુ-25 થી 28)
- સાંસ્કૃતિ અને શૈક્ષણિક અધિકારો (અનુ-29 અને 30)
- બંધારણીય ઇલાજોનો અધિકાર (અનુ-32)

અનુચ્છેદ 21(A)

- આ અધિકાર અંતર્ગત "છ થી ચૌદ વર્ષની વય સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાથી નક્કી કરે તેવી રીતે જોગવાઇ કરશે".
- આ જોગવાઇ બંધારણમાં 86મા બંધારણીય સુધારા અધિનિયમ, 2002 દ્વારા ઉમેરવામાં આવી હતી.

અનુચ્છેદ-23

- મનુષ્ય વ્યાપાર અને બળજબરીપૂર્વક કરાયેલી મજૂરી ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

અનુચ્છેદ-24

- 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને કારખાનાં, ખાણ તથા અન્ય જોખમી જગ્યાઓએ કામ પર રાખવા પર પ્રતિબંધ ફરમાવે છે.
- અનુ - 29(2) રાજ્ય વડે નિભાવાતી કે રાજ્યનાં નાણાંમાંથી સહાય મેળવતી કોઈ શિક્ષણ સંસ્થામાં ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા અથવા એમાંના કોઈ કારણે કોઈ નાગરિકને પ્રવેશનો ઇન્કાર કરી શકાશે નહીં.
- અનુચ્છેદ-30 શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો લઘુમતીઓનો હક્ક.

રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો

- બંધારણમાં રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ ભાગ-4માં અનુચ્છેદ-36 થી 51માં કરવામાં આવ્યો છે.

અનુચ્છેદ 39(e)

- બાળકોના સ્વાસ્થ્ય અને શક્તિઓના દુરુપયોગ અટકાવવા ઉપરાંત આર્થિક જરૂરિયાતોના કારણે તેમને મજબૂરીમાં પોતાની શક્તિ અને ઉંમર સાથે મેળ ન ખાતા વ્યવસાયોમાં ન જોડાવું પડે તેનું રાજ્ય ધ્યાન રાખશે.

WEBSANKUL® PUBLICATION

20 શિક્ષણ સંબંધિત યોજનાઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- સમગ્ર શિક્ષા 2.0
- ફિટ ઇન્ડિયા
- એક - ભારત શ્રેષ્ઠ ભારત
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ
- BaLA (Building as Learning Aid)
- ગ્રીન સ્કૂલ
- સામયિક એકમ કસોટી (PAT)
- દર્પણ-દૈનિક વિદ્યાર્થી ડાયરી
- સ્કૂલ ટ્વિનિંગ પ્રોગ્રામ
- STEM લેબ્સ
- ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમ
- સ્કૂલ મોનિટરિંગ એપ્લિકેશન
- GIS સ્કૂલ મેપિંગ
- દિવ્યાંગ એપ્લિકેશન
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)
- ઉજાસ ભણી.....(એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ)
- મીનાની દુનિયા
- રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા-પ્રશિક્ષણ
- દિકરીની સલામ દેશને નામ
- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ યોજના (ધોરણ-9 થી 12)
- વિદ્યા પ્રવેશ
- જ્ઞાનસેતુ - બ્રિજકોર્સ - કલાસ રેડિનેસ કાર્યક્રમ
- GROWER - GCERT
- SAS (School Administrative system)
- સ્વયં (SWAYAM) પોર્ટલ
- PM SHRI Yojana
- વિદ્યાંજલિ વેબ પોર્ટલ
- નમો લક્ષ્મી યોજના
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના
- ખેલ સહાયક યોજના
- જ્ઞાન સહાયક યોજના
- દૂધ સંજીવની યોજના
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના
- VSK (વિદ્યા સમીક્ષા કેન્દ્ર)
- વ્હાલી દીકરી યોજના
- શિક્ષક તાલીમ માટે "નિષ્ઠા" પ્રોજેક્ટ
- સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ (S.T.P)
- ઇન્સ્પાયર એવોર્ડ યોજના
- PM - પોષણ યોજના
- પરીક્ષા પે ચર્ચા
- SWAYAM PRABHA
- સક્ષમ શાળા
- નિપુણ ભારત
- શાળા પરિવહન યોજના
- સિગ્નલ સ્કૂલ
- ખેલ મહાકુંભ 3.0
- વિજ્ઞાન મેળો
- શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવ
- ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ
- ઓનલાઈન હાજરી
- G-SHALA એપ
- QR Coded ટેક્સટ બુક
- કોમન એન્ટ્રેસ ટેસ્ટ (C.E.T)/જ્ઞાનસેતુ
- ગુણોત્સવ 2.0
- DISE code
- SOE (School of Excellence)
- DIKSHA એપ

WEBSANKUL® PUBLICATION

ભાગ-2

મનોવિજ્ઞાન

21 મનોવિજ્ઞાન: એક વિજ્ઞાન

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- મનોવિજ્ઞાન અર્થ, વ્યાખ્યા અને સ્વરૂપ
- મનોવિજ્ઞાનના ધ્યેયો
- આધુનિક મનોવિજ્ઞાનનો ઉદ્‌ભવ, વિકાસ
- આધુનિક મનોવિજ્ઞાનના અભિગમો
- મનોવિજ્ઞાનના વિકસિત ક્ષેત્રો
- મનોવિજ્ઞાનના વિકાસશીલ ક્ષેત્રો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

મનોવિજ્ઞાનનો અર્થ, વ્યાખ્યા અને સ્વરૂપ (Meaning, Definition and Nature of Psychology)

- મનોવિજ્ઞાન (Psychology - સાયકોલોજી) શબ્દ ગ્રીક ભાષાના Psyche - (સાયકી) અને Logos - (લોગોસ) શબ્દનો બનેલો છે. જેમાંના Psyche - સાયકી શબ્દનો અર્થ થાય છે આત્મા અને Logos - લોગોસનો અર્થ થાય છે વિજ્ઞાન.
- મનોવિજ્ઞાનને 'આત્માના વિજ્ઞાન' તરીકે ઓળખવામાં આવ્યું.
- વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત થવાની સફરમાં આત્મા પછી મન અને છેલ્લે ચેતનાને પણ છોડવી પડી અને મનોવિજ્ઞાન વર્તનનું વિજ્ઞાન બની રહ્યું.
- "મનોવિજ્ઞાન માનવી અને પ્રાણીના વર્તનનું વિજ્ઞાન છે." - **સી.ટી. મોર્ગન**
- "મનોવિજ્ઞાન માનવીની તમામ માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." - **હિલગાર્ડ એટકીન્સન**
- "મનોવિજ્ઞાન વાતાવરણના સંદર્ભમાં માનવી અને માનવેતર પ્રાણીઓના વ્યકત થતાં વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે". - **એચ.ઈ. ગેરેટ**
- "મનોવિજ્ઞાન એ જુદાં જુદાં સંદર્ભમાં માનસિક પ્રક્રિયાઓ, અનુભવો અને વર્તનનો અભ્યાસ કરનારું વિજ્ઞાન છે."
- સર્વસામાન્ય વ્યાખ્યામાં સમાવિષ્ટ ચાર મુદ્દાઓ (A) માનસિક પ્રક્રિયાઓ (B) અનુભવો (C) વર્તન અને (D) વિજ્ઞાનને સમજવાનો પ્રયાસ કરીએ.
- વિજ્ઞાનનાં લક્ષણો પુનરાવર્તન, પરિવર્તન, નિયંત્રણ અને વસ્તુલક્ષીતા છે.
- મનોવિજ્ઞાનને વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસો ઘણા મનોવૈજ્ઞાનિકો દ્વારા થયા. પરંતુ 1879 માં જર્મનીના લિપ્ઝીંગ શહેરમાં વિલ્હેમ વુન્ટ દ્વારા સ્થાપવામાં આવેલી પ્રયોગશાળાથી તેને વિજ્ઞાન તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો.
- "મનોવિજ્ઞાન એવું વાર્તનિક વિજ્ઞાન છે જેમાં ભૌતિકશાસ્ત્ર જેવાં પ્રાકૃતિક વિજ્ઞાનો અને સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર જેવાં સામાજિક વિજ્ઞાનોનાં જ્ઞાનનો સમન્વય કરવામાં આવે છે.

મનોવિજ્ઞાન ધ્યેયો (Aims of Psychology)

(1) વર્ણન (2) સ્પષ્ટીકરણ
(3) આગાહી (4) નિયંત્રણ

વર્ણન

- મનોવિજ્ઞાનનું ધ્યેય માનવવર્તનનું વર્ણન કરવાનું છે. મનોવિજ્ઞાનનું વિષયવસ્તુ માનવવર્તન છે.

સ્પષ્ટીકરણ

- અભ્યાસવસ્તુના વર્ણન પછીનું બીજું ધ્યેય સ્પષ્ટીકરણનું છે. સ્પષ્ટીકરણ એટલે બનાવ, ઘટના કે પરિસ્થિતિ કેમ ઉદ્‌ભવે છે ? તેનાં કારણોની સ્પષ્ટતા.

આગાહી

- આગાહી કે ભવિષ્યકથન એટલે કોઇ પણ વિજ્ઞાનમાં સ્થાપિત થયેલા નિયમને આધારે કરવામાં આવતી તે ક્ષેત્રને લગતી પૂર્વકલ્પના.

23 માનવ વિકાસ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- વૃદ્ધિ
- વિકાસ
- વૃદ્ધિ અને વિકાસનો તફાવત
- પરિપક્વતા
- વિકાસની પ્રક્રિયા
  - દુર્ગાનંદ સિંહાનું પ્રતિમાન
- વિકાસની સમજૂતીના સિદ્ધાંતો
  - પિયાજેનો બોધાત્મક વિકાસ સિદ્ધાંત
  - કોહલબર્ગનો નૈતિક વિકાસનો સિદ્ધાંત
  - ફ્રોઇડનો મનોજાતિય વિકાસનો સિદ્ધાંત
  - એરિક એરિક્સનનો જીવન વિકાસ તબક્કાનો સિદ્ધાંત
- માનવ વિકાસના તબક્કા
- વિકાસની અવસ્થા/તબક્કા વિશેનો ભારતીય ખ્યાલ
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- વિકાસ એક સળંગ પ્રક્રિયા છે. તેને સમજવાના 3 આધાર સ્તંભો છે : (1) વૃદ્ધિ (2) વિકાસ (3) પરિપક્વતા

વૃદ્ધિ

- આકાર, કદ અને વજન જેવા શારીરિક પરિણામોમાં થતો બદલાવ કે વધારાનું સૂચન કરે છે.



વ્યાખ્યા

- "વૃદ્ધિ એટલે શરીરનાં કદ, આકાર અને બંધારણમાં થતાં ફેરફારો" **- ક્રો અને ક્રો**
- વૃદ્ધિને શારીરિક પરિવર્તનોમાં જોઈ શકાય છે, તેથી વૃદ્ધિ એટલે કોષીય ગુણાકાર" **- ફ્રેન્ડ**
- ઇલિઝાબેથ હરલોકના મતે બાળકના જન્મથી તે પુખ્તતા પ્રાપ્ત કરે ત્યાં સુધીમાં માથામાં બે ગણો, છાતીમાં અઢી ગણો, ઘડમાં ત્રણ ગણો, હાથમાં ચાર ગણો અને પગમાં પાંચ ગણો વધારો થાય છે.
- વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતા એકબીજા ઉપર આધારિત છે. વૃદ્ધિ વગર વિકાસ નથી; વિકાસ વગર પરિપક્વતા નથી; પરિપક્વતા વગર વૃદ્ધિ પણ નથી.
- શારીરિક અંગોમાં થતી વૃદ્ધિના પ્રમાણમાં મગજની પણ વૃદ્ધિ થાય છે. એટલે શારીરિક અને માનસિક વિકાસ સમાંતર ચાલે છે.
- ગર્ભાવસ્થાથી જ વૃદ્ધિની પ્રક્રિયા શરૂ થાય છે. વૃદ્ધિ આજીવન ચાલતી પ્રક્રિયા નથી. 18-19 વર્ષ સુધીમાં તે તેની પૂર્ણ કક્ષાએ પહોંચે છે. વૃદ્ધિ એ કુદરતી અને સહજ પ્રક્રિયા છે. વૃદ્ધિનું માપન સરળ છે.
- વજન, કદ અને આકારમાં થતો ફેરફાર નોંધી શકાય છે.

વિકાસ

- વિકાસ એટલે વધવું.
- મનોવિજ્ઞાનના અર્થમાં વિકાસ એટલે વ્યક્તિના શારીરિક વૃદ્ધિ સિવાયનાં અન્ય પાસાંઓમાં વૃદ્ધિ અને પરિવર્તન.
- વિકાસ એટલે શરીરમાં થતાં રાસાયણિક ફેરફારોથી વિવિધ ગુણોમાં થતો ફેરફાર.
- વૃદ્ધિ અને વિકાસની શરૂઆત ગર્ભાવસ્થાથી જ થાય છે, પરંતુ વૃદ્ધિ અમુક ઉંમરે અટકી જાય છે, જ્યારે વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. વૃદ્ધિને લીધે પ્રાપ્ત થતી ક્ષમતાઓ એ વિકાસ છે.
- **ઈલિઝાબેથ હરલોકે** : "વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે. પરિપક્વતાના લક્ષ્ય તરફ લઈ જતા ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક - ફેરફારો એટલે વિકાસ."
- **સ્ક્રીનર** : "વિકાસની પ્રક્રિયા ક્રમિક છે અને સતત ચાલતી પ્રક્રિયા છે."
- **ક્રો અને ક્રો** : સમ્રગ દેહતંત્રમાં થતો ફેરફાર એ વિકાસ છે.
- આમ, શરીરના વિવિધ અવયવોના સુગ્રથન દ્વારા ઉંમર વધવા સાથે થતાં વર્તનના પ્રગતિશીલ ફેરફારોને વિકાસ કહેવામાં આવે છે.

WEBSANKUL® PUBLICATION

24 વર્તનના જૈવીય આધારો

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- ઉત્ક્રાંતિમૂલક અભિગમ
- જનીનતત્ત્વો અને વર્તન
- ચેતાતંત્ર
  - કેન્દ્રીય ચેતાતંત્ર
  - પરિઘવર્તી ચેતાતંત્ર
  - માનવ મગજ
  - કરોડરજ્જુ
- અંતઃસ્રાવી ગ્રંથિઓ અને તેના પ્રકારો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- માનવી પાસે જ વિકસિત મગજ અને માનસિક શક્તિઓ રહેલી છે. સીધા ટટ્ટાર ચાલવું, મગજ, ભાષા વગેરે માનવીનાં વિશિષ્ટ લક્ષણો છે.
- જૈવ - મનોવૈજ્ઞાનિકો, ચેતા મનોવૈજ્ઞાનિકો અને શરીરલક્ષી મનોવૈજ્ઞાનિકો જટિલ વર્તન અને ચેતાતંત્ર વચ્ચેના સંબંધનો અભ્યાસ કરે છે. તેઓ વિચારો, લાગણીઓ અને વર્તનના શારીરિક આધારો જાણવાનો પ્રયાસ કરે છે.
- આવા પ્રયાસો દ્વારા માનવવર્તનને અનોખું બનાવવામાં મગજ, વર્તન અને પર્યાવરણ વચ્ચેની આંતરક્રિયાઓ થાય છે તેનું જ્ઞાન મળે છે.

ઉત્ક્રાંતિમૂલક અભિગમ

- પૃથ્વી પર કદ, આકાર અને વર્તનમાં ભિન્નતા ધરાવતાં અસંખ્ય સજીવો વસે છે. આ સજીવોમાં માનવીનું ચેતાતંત્ર સૌથી વધુ વિકસિત છે.
- ચાર્લ્સ ડાર્વિને 1859 માં પ્રકાશિત કરેલ "The origin of the species" નામના પુસ્તકમાં જણાવ્યુ કે, લાંબા ગાળે સજીવોમાં નજીવું પરિવર્તન આવતું હોય છે. શારીરિક વૃદ્ધિની સાથે વર્તનનો વિકાસ થતો હોય છે. વર્તન અને શારીરિક પરિવર્તનો એકસાથે સંભવે છે.
- મગજના કોષોને ઈજા પહોંચી હોય ત્યારે અવલોકનો દ્વારા વર્તનના જૈવિય આધારોની જાણકારી પ્રાપ્ત થાય છે.
- મગજના કોષો દ્વારા સંવેદન, પ્રત્યક્ષીકરણ, સ્મૃતિ કે તર્ક જેવી મહત્ત્વની પ્રક્રિયાઓ ઉદ્ભવે છે. મગજના કોષોમાં ખામીને કારણે રોગો થતાં હોય છે.
- લોકો બુદ્ધિ, શીખવાની શક્તિ, સ્મૃતિ અને શારીરિક અને માનસિક લક્ષણોની બાબતમાં એકબીજાથી જુદા પડે છે.
- વિકસતી પ્રક્રિયા દરમિયાન માનવીના શારીરિક અને વાર્તનિક પાસાઓમાં જોવા મળતાં પરિવર્તનો વાતાવરણની જરૂરિયાતની અસરોનું પરિણામ છે.

માનવ ઉત્ક્રાંતિના સીમા સ્તંભો

- ઉત્ક્રાંતિ પ્રક્રિયાના ત્રણ મહત્ત્વના વિકાસને પરિણામે માનવી અન્ય સજીવો કરતાં અલગ પડે છે, જે નીચે પ્રમાણે છે.
- **દ્વિપગીપણું** : માનવીની ટટ્ટાર ચાલવાની શક્તિનો નિર્દેશ કરે છે. બે પગે ચાલી શકવાને કારણે માનવી હાથથી જુદી-જુદી વસ્તુઓ પકડી તેનો સારી રીતે ઉપયોગ કરી છે.
- **મગજનો વિકાસ** : મગજનો વિકાસ, મગજના કદ અને મગજના વિશિષ્ટ સ્નાયુઓના સમપ્રમાણ વિકાસનો નિર્દેશ કરે છે.
- માનવ મગજ ઉચ્ચ કોટિના વાનરના મગજ કરતાં 3 થી 4 ગણુ વજન ધરાવે છે.
- જટિલ વિચારણા, તર્ક, સ્મૃતિ કે સમસ્યા ઉકેલ જેવી શક્તિઓ માનવીમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે.
- **ભાષાનો વિકાસ** : ભાષા માનવીની અન્ય માનવી સાથેની આંતરક્રિયાને અસરકારક બનાવે છે. ભાષા સાંસ્કૃતિક વિકાસનો આધારે સ્તંભ છે. તે અન્યની સાથે અસરકારક રીતે પ્રત્યાયન કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

25 બોધાત્મક પ્રક્રિયાઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- બોધન પ્રક્રિયા
- માહિતી પ્રક્રિયાકરણ પ્રતિમાન
- બોધાત્મક પ્રક્રિયાઓ
  - વિચારણા, વ્યાખ્યા અને લક્ષણો
  - પ્રત્યયો (સંકલ્પના) અર્થ
  - તર્કક્રિયા
  - સમસ્યા ઉકેલ અને તેની રીતો
  - નિર્ણય પ્રક્રિયા અર્થ
  - કલ્પના વ્યાપાર
  - સર્જનાત્મક વિચારણા અને તેના સોપાનો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- આ બોધાત્મક પ્રક્રિયાઓના અભ્યાસ પર ભાર મૂકતા અભિગમને મનોવિજ્ઞાનમાં 'બોધાત્મક અભિગમ' (Cognitive Approach) તરીકે ઓળખવામાં આવે છે અને આજે 'બોધાત્મક મનોવિજ્ઞાન' જેવી મનોવિજ્ઞાનની એક અલગ શાખા પણ કાર્યરત છે.

બોધન પ્રક્રિયા

બોધન કોને કહેવાય?

- સામાન્ય રીતે બોધન એટલે જાણવાની ક્રિયા.
- એટકિન્સન અને એટકિન્સન, સ્મિથ અને હિલગાર્ડ બોધનની વ્યાખ્યા આપતા જણાવે છે, "બોધન એ માહિતી પ્રક્રિયાકરણ, સ્મૃતિ અને પ્રત્યક્ષીકરણ જેવી માનસિક પ્રક્રિયાઓ સાથે જોડાયેલી બાબત છે જેની મદદથી વ્યકિત જ્ઞાન પ્રાપ્ત કરે છે, સમસ્યા ઉકેલે છે અને ભવિષ્યની યોજના બનાવે છે."
- જાણકારી (માહિતી)નું અર્થઘટન કરવાની, તેનું વિશ્લેષણ કરવાની, તેને યાદ રાખવાની અને તેનો ઉપયોગ કરવાની આપણી રીત એટલે બોધન.


◆ બોધાત્મક પ્રક્રિયા એટલે શું ?

- કસિન (1995), સેન્ટ્રોક (2005) વગેરે બોધાત્મક પ્રક્રિયાઓની વ્યાખ્યા આપતાં લખે છે કે વિચારો, લાગણીઓ અને પ્રેરકો જેને આપણામાંના દરેક અંગત રીતે અનુભવે છે, પરંતુ તેને પ્રત્યક્ષ રીતે જોઇ શકાતા નથી તેને બોધાત્મક પ્રક્રિયાઓ કહે છે.

માહિતી-પ્રક્રિયાકરણનો અભિગમ

- બોધાત્મક પ્રક્રિયાઓને સમજવા માટે 'માહિતી-પ્રક્રિયાકરણ અભિગમ' એક અગત્યનો અભિગમ છે. આ અભિગમના ઉદ્ભવનો આધાર 'કમ્પ્યૂટર મશીન' છે. માહિતી પ્રક્રિયાકરણના અભિગમને 'કમ્પ્યૂટર રૂપક' (Computer Metaphor) કહે છે.

માહિતી-પ્રક્રિયાકરણનું પ્રતિમાન (Model)



- કમ્પ્યૂટરના વધતા ઉપયોગને લીધે બોધાત્મક ક્રિયાઓના અભ્યાસમાં માહિતી-પ્રક્રિયાકરણનું મોડલ વિકસિત થયું છે.
- માનવમન અને કમ્પ્યૂટર પ્રોસેસિંગ સિસ્ટમ વચ્ચેની તુલના કરવામાં હર્બર્ટ સિમોન (1996) તેના પ્રણેતા રહ્યા છે.

29 પ્રેરણા અને આવેગ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- પ્રેરણા: અર્થ અને સ્વરૂપ
  - પ્રેરણા ચક્ર
- પ્રેરણાના પ્રકારો
- શારીરિક પ્રેરણા
- મનો સામાજિક પ્રેરણા
- આવેગનો અર્થ
- આવેગના પાસાઓ
- આવેગના પ્રકારો
- આવેગ નિયમનના માર્ગો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

પ્રેરણા (Motivation)

પ્રેરણાનો અર્થ

- 'પ્રેરણા નહિ તો વર્તન નહિ' મનોવૈજ્ઞાનિક ગેરેટ દ્વારા આધુનિક મનોવિજ્ઞાનના મત મુજબ, વ્યક્તિને જે પ્રવૃત્ત કરે અથવા ક્રિયાશીલ બનાવે તેને પ્રેરણા કહે છે.
- મનોવિજ્ઞાનમાં પ્રેરણા એટલે વર્તન માટે પ્રેરનાર આંતરિક પરિબળ.
- પ્રેરણા માટે અંગ્રેજીમાં 'Motivation' શબ્દ વપરાય છે.
- 'Motivation' શબ્દ લેટિન 'movere' પરથી ઊતરી આવેલ છે કે જે, પ્રવૃત્તિ માટેની ગતિનું સૂચન કરે છે.

પ્રેરણાની વ્યાખ્યા

- "પ્રેરણા એ પ્રવૃત્તિને ઉદ્દીપ્ત કરનાર અને તેને પોષનાર વિશિષ્ટ આંતરિક તત્ત્વ કે પરિસ્થિતિ છે."


  - જે.પી. ગીલ્ફર્ડ
- "પ્રેરણા એટલે આંતરિક જરૂરિયાતમાંથી ઉદ્ભવેલું અને તે જરૂરિયાત સંતુષ્ટ થાય તેવાં લક્ષ્યો પ્રત્યે અભિમુખ બનેલું વર્તન." **- સી.ટી. મોર્ગન**
- 'પ્રેરણા એ વ્યક્તિની આંતરિક બાબત છે કે જે તેને અમુક વર્તન કરવા પ્રેરે છે." **- સોરેન્સન અને મામ**
- ટૂંકમાં પ્રેરણા એટલે માનવીને કોઈ ધ્યેયની પરિપૂર્ણતા તરફ દોરી જતું, આંતરિક પરિબળ.

◆ પ્રેરણાનું સ્વરૂપ (Nature of Motivation)

- પ્રારંભમાં મેકડૂગલે તેને મૂળવૃત્તિ (Instinct) તરીકે ઓળખાવી. તેમણે પ્રારંભમાં અઢાર જેટલી મૂળવૃત્તિ દર્શાવી હતી.
- ત્યાર બાદના મનોવૈજ્ઞાનિકોએ જરૂરિયાત (Need) શબ્દનો ઉપયોગ કર્યો.
- વુડવર્થ એ ઇરણ (Drive) શબ્દનો ઉપયોગ કર્યો.
- ઇરણ એ આંતરિક આવેગ, ઉત્તેજિત બળ કે દબાણનું સૂચન કરે છે.

◆ પ્રેરણાચક્ર

- મનોવૈજ્ઞાનિક સી.ટી. મોર્ગન પ્રેરણાને ચક્રીય ગણે છે.
- જરૂરિયાતોના ઉદ્ભવ સાથે પ્રેરણાચક્ર શરૂ થાય છે.



- જેના લીધે વ્યક્તિમાં 'ઇરણ' એટલે કે, આંતરિક ઉત્તેજિત બળ કે દબાણની શરૂઆત થાય છે.
- જેના પરિણામે લક્ષ્ય પ્રાપ્ત થતાં વ્યક્તિ રાહત કે સંતોષ અનુભવે છે.
- આથી ઉત્તેજનામાં ઘટાડો થાય છે અને પ્રેરણાચક્ર વિરામ પામે છે.
- જોકે વ્યક્તિને મળતો સંતોષ અંતિમ નથી હોતો.

30 ચેતનાની બદલાયેલી અવસ્થાઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- ચેતનાની વ્યાખ્યા
- ચેતનાની અવસ્થા
- ચેતનાની બદલાયેલી અવસ્થાઓ
- સ્વપ્ન
- મનોઔષધો અને ચેતનાની બદલાયેલી અવસ્થા
- સ્વ મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

ચેતનાની વ્યાખ્યા અને સમજૂતી

- પોતાના મનમાં શું ચાલી રહ્યું છે તેનું પ્રત્યક્ષીકરણ એ ચેતના-અવસ્થા અથવા ચેતના (Consciousness) છે તેમ બ્રિટિશ તત્ત્વચિંક જહોન લોક જણાવે છે. જ્યારે અમેરિકન મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સ ચેતનાને 'વિચારોના પ્રવાહ' તરીકે ઓળખાવે છે.
- 'વ્યક્તિના પોતાના સંવેદનો, પ્રત્યક્ષીકરણો, વિચારો તેમજ લાગણીઓ પ્રત્યેની સભાનતા એટલે ચેતના'.
- 'ચેતના એટલે બાહ્ય ઉદ્દીપકો તેમજ આંતરિક પ્રક્રિયાઓ અંગેની વ્યક્તિની સભાનતા'
- ચેતનાની ઉપરોકત વ્યાખ્યાઓને સમજાવતાં કહી શકાય કે, ચેતના એ સભાનતા છે.

ચેતનાની અવસ્થાઓ

- મનોવિજ્ઞાનમાં ચેતનાની વિવિધ અવસ્થાઓ આ મુજબ વર્ણવવામાં આવે છે : (1) સભાન અવસ્થા (Conscious state) (2) બિનસભાન અવસ્થા (Non-conscious state) (3) પૂર્વસભાન અવસ્થા (Pre-conscious state) (4) નિમ્ન-સભાન અવસ્થા (Subconscious state) અને (5) અભાન અવસ્થા (Unconscious state)

સભાન અવસ્થા

- જાગ્રત અવસ્થામાં સભાનતાપૂર્વક થતા તમામ હેતુપૂર્વકનાં વર્તનો એ ચેતનાની સભાન અવસ્થા છે. ચેતનાની પસંદગીયુકત પ્રવૃત્તિઓ, જેને મનોવિજ્ઞાનમાં ધ્યાન તરીકે ઓળખવામાં આવે છે, તે તમામ ચેતનાની સભાન અવસ્થા સૂચવે છે.
- ચેતનાની સભાનતાની ચરમસીમા આપણને કટોકટીભરી પરિસ્થિતિમાં અનુભવાય છે. દા.ત., બસમાં ચડતા હોઇએ અને બસનું ઊપડવું આપણને અતિસભાન બનાવી દે છે. સંપૂર્ણ સભાન અવસ્થા કટોકટીભરી પરિસ્થિતિમાં અનુભવાય છે.

બિનસભાન અવસ્થા

- ચેતનાની એવી અવસ્થા કે જે સતત સક્રિય હોવા છતાં જેનાથી આપણે સભાન હોતા નથી તેને ચેતનાની બિનસભાન અવસ્થા કહે છે. દા.ત. શરીરમાં હોર્મોન્સના સ્રાવમાં થતો ફેરફાર, લોહીમાં સાકરના પ્રમાણમાં વધઘટ, કંઠગ્રંથિમાંથી ઝરતા થાઈરોક્સિનના પ્રમાણમાં વધઘટ, લોહીના દબાણમાં વધઘટ વગેરે જેવી આંતરિક શારીરિક પ્રક્રિયાઓ સતત 24 × 7 કલાકો ચાલ્યા કરે છે છતાં આપણે તેનાથી સભાન હોતાં નથી.
- આંતરિક શારીરિક પ્રક્રિયાઓ જે સતત ચાલ્યા કરે છે ને જેની અસરો સિવાય વ્યક્તિ જેનાથી સભાન હોતી નથી તે તમામ ક્રિયાઓ ચેતનાની બિનસભાન અવસ્થા સૂચવે છે.

પૂર્વસભાન અવસ્થા

- ચેતનાની એવી અવસ્થા કે જેમાં વિગતોનું થોડાક પ્રયાસને અંતે પુનરાવહન કરી શકાય છે તેને ચેતનાની પૂર્વસભાન અવસ્થા કહે છે. કેટલીક વિગતો આપણા સ્મરણમાં છે તેવી આપણને સ્પષ્ટ પ્રતીતિ હોવા છતાં ઇચ્છિત સમયે તેને સભાન અવસ્થા સુધી લાવવામાં આપણને થોડી મુશ્કેલી પડે છે પરંતુ થોડા એકાગ્ર થઈને યાદ કરીએ અથવા તો તે વિગતની પુનઃપ્રાપ્તિની કોઈ ચાવી મળે તો, તે વિગત તરત યાદ આવે છે.
- 'હૈયે છે પણ હોઠે નથી' એવી વિગતો ચેતનાની પૂર્વસભાન અવસ્થા સૂચવે છે.

WEBSANKUL® PUBLICATION

31 સંવેદન, ધ્યાન અને પ્રત્યક્ષીકરણ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- સંવેદનનો અર્થ અને સંવેદકો
- સંવેદનના પ્રકારો
  - દૃષ્ટિ સંવેદન
  - શ્રવણ સંવેદન
  - ગંધ સંવેદન
  - સ્વાદ સંવેદન
  - સ્પર્શ સંવેદન
- ધ્યાનનો અર્થ અને લક્ષણો
- ધ્યાનના વસ્તુલક્ષી અને વ્યક્તિલક્ષી નિર્ધારકો
- પ્રત્યક્ષીકરણનો અર્થ
- પ્રત્યક્ષીકરણમાં સંગઠનના નિયમો
- સ્વ-મૂલ્યાંકન

સંવેદન (Sensation)

અર્થ અને સમજૂતી

- સંવેદન એટલે 'જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો ઉદ્દીપકનો અનુભવ.' કોઈપણ પ્રકારના બાહ્ય ઉદ્દીપકની અસર માનવીની જ્ઞાનેન્દ્રિયો પર થાય, જેનાથી તેના આંતરવાહી તંતુઓ ઉત્તેજાય અને મગજના ચોક્કસ ભાગને સંદેશો પહોંચે તેનેસંવેદન તરીકે ઓળખવામાં આવે છે.
- 'સંવેદન એ સભાન અવસ્થામાં સર્જાતું એવું પરિવર્તન છે કે જે ચેતાતંતુઓની અસાધારણ ઉત્તેજના મગજમાંના સંવેદન વિસ્તાર કેન્દ્રો સુધી પહોંચવાથી ઉત્પન્ન થાય છે.'
- **સંવેદકોને નીચેના ત્રણ વર્ગોમાં વહેંચી શકાય.**

I. **બાહ્ય સંવેદકો** : બાહ્ય પર્યાવરણમાં રહેલા વિવિધ ઉદ્દીપકો જેવા કે પ્રકાશ, ધ્વનિ, ગરમી, ઠંડી, સ્પર્શ -દબાણ તેમજ વિવિધ રસાયણો વગેરેમાં થતા ફેરફારો આપણી વિવિધ જ્ઞાનેન્દ્રિયોને ઉદ્દીપ્ત કરે છે.

II. **શરીર સંવેદકો** : બાહ્ય વાતાવરણના ઘટકોની જેમ, શરીરના વિવિધ આંતરિક અવયવોની રચના વિવિધ સંવેદન માટે જવાબદાર હોય છે જેમ કે, દૃષ્ટિસંવેદન માટે સળી-શંકુ કોષોની ઉત્તેજના, શ્રવણ સંવેદન માટે સૂક્ષ્મ વાળકોષો વગેરે.

III. **આંતરિક સંવેદકો** : શરીરના આંતરિક અવયવોમાં થતા ફેરફારોને કારણે કેટલાક સંવેદનોનો અનુભવ થાય છે.


- જેમ કે, હોજરી ખાલી થવાથી ભૂખ, ગળામાં શોષ પડવાથી તરસ, ફેફસાં કે રક્તવાહિનીઓમાં થતા ફેરફારથી ગભરામણ વગેરેનો અનુભવ થવો.

સંવેદનના પ્રકારો

- સંવેદનાના મુખ્યત્વે પાંચ પ્રકાર છે. જે નીચે મુજબ છે :
  1. દૃષ્ટિ સંવેદન (Visual Sensation)
  2. શ્રવણ સંવેદન (Auditory Sensation)
  3. ગંધ સંવેદન (Olfactory Sensation)
  4. સ્વાદ સંવેદન (Gustatory: Sensation)
  5. સ્પર્શ (ત્વચા) સંવેદન (Touch Sensation)

દૃષ્ટિ સંવેદન (Visual Sensation)

- આપણે અરીસા સામે ઊભા હોઇએ ત્યારે કે આપણે બીજાની આંખ જોઇએ ત્યારે દેખાય છે.
- એમાં જે ભાગ સફેદ રંગનો ભાગ દેખાય છે તેને અક્ષિપટલ કહે છે.



- તે સફેદ તંતુઓનો બનેલો અપારદર્શક છે, તેને કારણે આંખની અંદરના ભાગનું રક્ષણ થાય છે.

33 બુદ્ધિ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- બુદ્ધિની વ્યાખ્યા અને સ્વરૂપ
- બુદ્ધિ વિશેના આધુનિક અભિગમો
  - સ્પિયરમેનનો દ્વિઘટક સિદ્ધાંત
  - સ્ટર્નબર્ગ ત્રિપુટીનો સિદ્ધાંત
  - ગિલ્ફર્ડનો ત્રિ-પરિમાણાત્મક સિદ્ધાંત
  - ગાર્ડનરનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત
  - જે.પી. દાસનો 'PASS' સિદ્ધાંત
- બુદ્ધિનું માપન અને બુદ્ધિઆંક
- બુદ્ધિ કસોટીઓ
- બુદ્ધિઆંકનું વિતરણ
- પ્રતિભાસંપન્ન
- મનોદુર્બળતા
- સ્વમૂલ્યાંકન

બુદ્ધિની વ્યાખ્યા અને સ્વરૂપ

બુદ્ધિની વ્યાખ્યાઓ (Definitions of Intelligence)

- 1879માં જર્મન મનોવૈજ્ઞાનિક એબિંગહોસે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે રહેલી ભિન્નતાના આધારે બુદ્ધિની વ્યાખ્યા આપવાનો સૌ પ્રથમ પ્રયાસ કર્યો હતો.
- બુદ્ધિ શબ્દ સંસ્કૃત ભાષાના 'બુદ્ધ' ધાતુ પરથી ઊતરી આવેલો છે.
- 'બુદ્ધ' એટલે સમજવું કે જ્ઞાન પામવું.
- આ મુજબ બુદ્ધિ એટલે સમજણ કે જ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા.
- બુદ્ધિ માટે અંગ્રેજીમાં Intelligence શબ્દનો ઉપયોગ થાય છે.
- એ લેટિન ભાષાના Intelligere ક્રિયાપદ પરથી બનેલો છે.
- Intellgere એટલે સમજવું
- આમ, બુદ્ધિ એટલે સમજશક્તિ.
- 'બુદ્ધિ એટલે વસ્તુને જાણવાની મગજની અર્થઘટન સમજ શક્તિ.' **સાર્થ ગુજરાતી જોડણી કોશ (2008)**
- 'બુદ્ધિ એટલે સારી રીતે સમજવાની, યોગ્ય રીતે નિર્ણય લેવાની તર્ક કરવાની શક્તિ.'

  - બિને અને સાયમન (1904)
- 'બુદ્ધિ જેટલા પ્રમાણમાં અંદર રીતે વિચારવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન હોય છે."

  - ટર્મન (1916)
- 'બુદ્ધિ એટલે વ્યક્તિની એવી સમગ્રલક્ષી શક્તિ જેને લીધે તે ધ્યેયપૂર્વક કાર્ય કરી શકે, તાર્કિક રીતે વિચારી શકે અને પર્યાવરણ સાથે અસરકારક રીતે વ્યવહાર કરી શકે.'

  - વેક્સલર (1939)
- 'બુદ્ધિ એટલે એક કે વધારે સાંસ્કૃતિક પરિવેશોમાં મહત્ત્વની ગણાતી સમસ્યાઓને ઉકેલવાની કે મૂલ્યવાન વસ્તુઓનું નિર્માણ કરવાની શક્તિ કે કુશળતા."

  - ગાર્ડનર (1986)
- 'બુદ્ધિ એટલે પર્યાવરણ કોઈપણ સંદર્ભ સાથે અનુકૂલ કરવા માટે અથવા તેને ઘાટ આપવા માટે અથવા તેને પસંદ કરવા માટે જરૂરી માનસિક શક્તિઓ.'

  - સ્ટર્નબર્ગ (1997)
- 'બુદ્ધિ એ તમામ બૌદ્ધિક / બોધન પ્રક્રિયાઓનો સરવાળો છે જેમાં આયોજન, માહિતીનું સંકેતોમાં અંકન, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે.'

  - જે.પી. દાસ (2004)

સામાન્ય સંભવિતતાનો આલેખ (Normol Probability Curve)

- વિલિયમ સ્ટર્ન એ 1912 માં સૌપ્રથમવાર સૂત્ર દર્શાવ્યું હતું જે નીચે મુજબ છે :

$$\text{બુદ્ધિઆંક (IQ)} \frac{\text{માનસિક વય (MA)}}{\text{શારીરિક વય (CA)}} \times 100$$

- બુદ્ધિલબ્ધિને આધારે વર્ગીકરણ સૌ પ્રથમ વાર ટર્મને દર્શાવ્યું હતું.

WEBSANKUL® PUBLICATION

34 મનોવલણ અને પૂર્વગ્રહ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- મનોવલણનો અર્થ અને સ્વરૂપ
- મનોવલણ ઘડતરની રીતો
- મનોવલણ ઘડતર પર અસર કરતાં ઘટકો
- મનોવલણ પરિવર્તનની રીતો
- મનોવલણ પરિવર્તનમાં અવરોધો
- પૂર્વગ્રહની વ્યાખ્યા અને સ્વરૂપ
- પૂર્વગ્રહ ઘટાડવાની રીતો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

પ્રસ્તાવના

- માનવી સામાજિક પ્રાણી હોવાથી જન્મથી મૃત્યુ સુધી વિવિધ સામાજિક, પરિસ્થિતિઓ, પરિવર્તનો અને અનુભવોથી શીખે છે. જુદાં-જુદાં સમાજમાં કુટુંબ, આશા, મિત્રો, સગાંસંબંધી, સમૂહ, માધ્યમો, સાહિત્ય સંસ્કૃતિ વગેરેની અસર માનવીનાં વિચાર, વાણી, વર્તન, વ્યવહાર પર થાય છે.
- વિવિધ અનુભવો દ્વારા જુદી-જુદી વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે બનાવ અંગેના ખ્યાલો આપણા મનમાં બંધાય છે, જેને મનોવિજ્ઞાનિક પરિભાષામાં 'મનોવલણ' કહેવાય છે.
- ગમતાં વ્યક્તિ કે મનપસંદ અનુભવો પ્રત્યે ગમો અને અણગમતા કે દુખદ વ્યક્તિ કે અનુભવો પ્રત્યે અણગમો પેદા થાય છે. આવા 'ગમા કે અણગમા' આપણાં મનોવલણો ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

મનોવલણનો અર્થ અને સ્વરૂપ

- આપણે આગળ જોયું તેમ મનોવલણો એ માનવવર્તનને દિશા આપનારું મહત્ત્વનું પરિબળ છે. માટે તેની વૈજ્ઞાનિક સમજ પ્રાપ્ત થાય તો માનવીને સુસમાયોજિત જીવન જીવવામાં તે ઉપયોગી નીવડે છે. મનોવલણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા પ્રગટ થાય છે.
- તમને કારેલાનું શાક ભાવે છે? તમને શાળાએ જવું ગમે છે? તમે વડીલોને માન આપો છો? આવું! પ્રશ્નોના જવાબો 'હા' કે 'ના' માં આવે તેના દ્વારા વ્યક્તિના મનોવલણની દિશા નક્કી થાય છે.
- સમાજલક્ષી મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની સ્વતંત્ર વ્યાવહારિક શાખા છે.

વ્યાખ્યા

- " મનોવલણએ અમુક વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ પ્રતિક્રિયા કરવાની સુસંગત, સંપાદિત અને આવેગયુક્ત પૂર્વવૃત્તિ છે.

  - બી.કુપ્પુસ્વામી (ભારતીય મનોવૈજ્ઞાનિક)
- "ચોક્કસ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યેની માનસિક અને ચેતાકીય તત્પરતા એટલે મનોવલણ"

  - ઓલપાર્ટ
- "સામાજિક વિશ્વના કોઈ અન્ય દરેક તત્ત્વ, મુદ્દા, વિચાર, વ્યક્તિ, સામાજિક સમૂહ વસ્તુ પ્રત્યે આપણે જે વિધાયક કે નિષેધક પ્રતિક્રિયા આપીએ છીએ તે મનોવલણ છે"

  - બેરન અને બાયરન (1996)
- "મનોવલણ વિચારના બધાં રૂપોના એક ખૂબ જ મૂળભૂત પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે."

  - ઈંટો અને કેસિયોપ્પો (1999)

મનોવલણ માટેની ચોક્કસ બાબતો

- દરેક સમાજમાં વિવિધ રીત-રિવાજો, મૂલ્યો, આદર્શો, વિચારસરણી રહેણીકરણીને કારણે સમયે સમયે લોકોનાં વલણોમાં પરિવર્તન આવે છે.
- મનોવલણ એ મનોશારીરિક વર્તનની માનસિક તત્પરતા છે.
- મનોવલણ માનવ વર્તન કે પ્રતિક્રિયાને દોરે છે.
- દરેક વ્યક્તિનાં વલણો જુદાં-જુદાં હોવાથી તેની પ્રતિક્રિયાઓ પણ જુદી-જુદી જોવાં મળે છે.

WEBSANKUL® PUBLICATION

35 મનોભાર અને સ્વાસ્થ્ય

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ


- મનોભારનો અર્થ
- લેઝારસનું કોષ્ટક અને મોડેલ
- મનોભારની પ્રતિક્રિયાઓ
- મનોભારના પ્રકારો
  - હતાશા
  - સંઘર્ષ
  - દબાણ
- મનોશારીરિક રોગો
- માનસિક સ્વાસ્થ
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

મનોભારનો અર્થ-સ્વરૂપ

વ્યાખ્યા અને સ્વરૂપ

- મનોભાર માટે ઉપયોગમાં લેવામાં આવતો અંગ્રેજી શબ્દ Stress ભૌતિક વિજ્ઞાનનો શબ્દ છે.
- 'ભૌતિક પદાર્થ પર લગાડેલા બાહ્ય બળ' જેને કારણે તનાવ ઉત્પન્ન થાય છે અને પદાર્થની રચના બદલાય છે.
- 'મનોભાર એટલે હતાશા, સંઘર્ષ કે દબાણની પડકારરૂપ પરિસ્થિતિ જે વ્યક્તિની શારીરિક કે માનસિક શક્તિ પર ભારરૂપ બને છે.'
- તનાવ એટલે અનુભવાયેલ તીવ્ર કે લાંબાગાળાના પડકારો સાથે સંબંધિત નકારાત્મક આવેગિક અનુભવો જે વાર્તનિક અને શારીરિક પરિવર્તનો સાથે સંકળાયેલા છે. સારાસન અને સારાસન (Sarason and Sarason)
- વોલ્ટર કેનનના મતાનુસાર મનોભારજન્ય પરિસ્થિતિ 'લડો અથવા ભાગી છૂટો' (Fight or Flight)ની પ્રતિક્રિયા જન્માવે છે અને શરીરમાં કાર્ટીસોલ તથા એડ્રીનલીન જેવા અંતઃસાવમાં વધારો કરે છે.
- મનોભારના મુખ્ય ત્રણ પ્રકાર દર્શાવી શકાય, જેમાં હતાશા સંઘર્ષ અને દબાણનો સમાવેશ થાય છે.

લેઝારસનું કોષ્ટક અને મોડેલ (Table and Model of Lazarus)



- રીચાર્ડ લેઝારસે વિચાર અને લાગણી સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા.
- તેણે લોકોનાં મનોભારની કક્ષાનો અભ્યાસ કર્યો અને જણાવ્યું કે બનાવ કે ઘટના સારી કે ખરાબ નથી હોતી પરંતુ આપણે તેના વિશે જે વિચારીએ છીએ તેની વિધાયક કે નિષેધક અસર જન્મે છે અને મનોભારના પ્રમાણને અસર કરે છે.

WEBSANKUL® PUBLICATION

36 મનોવિકૃતિઓ

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- અસાધારણ વર્તન એટલે શું?
- અસાધારણ વર્તનની સમજૂતી માટેનાં પ્રતિમાનો
- અસાધારણ વર્તનનાં કારણો
- મુખ્ય મનોવિકૃતિઓ
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

- વૈશ્વિક સ્તરે જેવી રીતે WHO સંસ્થા માનવ સ્વાસ્થ્ય સાથે સંકળાયેલ છે તેમ APA 'અમેરિકન સાયકીઆટ્રીક એસોસીએશન' માનસિક રોગોના નિદાન-ઉપચાર સાથે સંકળાયેલ છે.

અસાધારણ વર્તન એટલે શું?

વ્યાખ્યાઓ (Definitions)

- સાધારણને અંગ્રેજીમાં 'Normal' કહે છે.
- Normal શબ્દ લેટિન ભાષાના Norma શબ્દ પરથી બનેલો છે. એનો અર્થ થાય છે 'સુથારની માપપટ્ટી'.
- સુથારની માપપટ્ટી એ આદર્શ માપનું સાધન ગણાય છે.
- આથી, અવું કહી શકાય કે સર્વસ્વીકૃત ધોરણોની આદર્શ સ્થિતિ એટલે Normal.
- અસાધારણ માટે અંગ્રેજીમાં Abormal શબ્દ પ્રયોજવામાં આવે છે. માટે અસાધારણ એટલે જે સાધારણથી દૂર છે તે 'Abnormal means to away from normal'
- "અસાધારણ વર્તન એટલે સામાન્ય, પર્યાપ્ત કે નમૂના સ્વરૂપથી એટલી હદે ભિન્ન વર્તન કે જેને સામાન્ય વર્તનના પ્રતિનિધિ તરીકે દર્શાવી શકાય નહી."

- વોરેન

- "અસાધારણ વર્તન ખામીભર્યું, અતાર્કિક, બંધ બેસતું ન થાય તેવું, વિધ્વંર વિધ્વંસક અને હાનિકારક હોય છે. આવું વર્તન પ્રગટ કરનારી વ્યક્તિઓ પોતે મુશ્કેલી અનુભવતી હોય છે અને બીજાને મુશ્કેલીમાં મૂકતી હોય છે." **- જેમ્સ પેજ**
- "નૈતિક મૂલ્યોનું ધોરણ નીચું હોય તેવું વર્તન અસાધારણ છે." **- જે.સી. કોલમેન**
- સમાજે નક્કી કરેલાં ધારાધોરણોથી કંઇક અંશે જુદું પડતું, અસ્વીકાર્ય અને વ્યક્તિને અથવા અન્ય લોકોને સામાજિક વ્યવહારમાં તથા સમાયોજનમાં પણ મુશ્કેલી ઊભી કરતું વર્તન એટલે અસાધારણ વર્તન.

વર્ગીકરણ

- આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનસિક રોગોના વર્ગીકરણ સાથે બે સંસ્થાઓ જોડાયેલાં છે.
  (i) WHO (World Health Organization) - વિશ્વ આરોગ્ય સંસ્થા
  (ii) APA (American Psychiatric Association) અમેરિકન સાયકાયાટ્રીક એસોસિએશન
- WHO દ્વારા જે વર્ગીકરણ બહાર પાડવામાં આવે છે તેને ICD (International Classification of Disease) અને APA દ્વારા પ્રકાશિત કરવામાં આવતા વર્ગીકરણને DSM (Diagnostic and Statisical Mannual of Mental Disorders) તરીકે ઓળખવામાં આવે છે.
- 1948માં WHO દ્વારા પ્રકાશિત થયેલ ICD-6માં સૌ પ્રથમ વાર શારીરિક રોગોની સાથે માનસિક રોગો -વિકૃતિઓનું વિકૃતિઓનું ઔપચારિક વર્ગીકરણ કરવામાં આવ્યું.
- 1952માં સૌ પ્રથમ APA દ્વારા DSM ની પ્રથમ આવૃત્તિ DSM-I પ્રકાશિત થઇ.
- અત્યાર સુધીમાં પ્રકાશિત DSM નાં વર્ગીકરણો - આવૃત્તિ (સંસ્કરણો) આ મુજબ છે :

DSM નાં વર્ગીકરણો (સંસ્કરણો)	પ્રકાશન વર્ષ
DSM-I	1952
DSM-II	1968
DSM-III	1980

37 સલાહ અને મનોપચાર

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ

- સલાહનો અર્થ અને સમજૂતી
- સલાહના સોપાનો અને લક્ષણો
- સલાહની આચારસંહિતા
- મનોપચાર
- મનોપચારના અભિગમો
- મનોપચાર પ્રત્યેનો ભારતીય અભિગમ
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

સલાહનો અર્થ – સમજૂતી (Definition - Meaning of Counselling)

- સલાહ માટે અંગ્રેજી ભાષામાં 'COUNSELLNG' શબ્દ વપરાય છે.
- "સલાહ એ વ્યક્તિનાં મનોવલણો અને વર્તન પરિવર્તન કરવામાં તેને સહાયરૂપ થવાના હેતુથી તેની સાથેના સંપર્કોની શ્રેણી છે." - કાર્લ આર. રોજર્સ
- "સલાહ એ વ્યવસાયી તાલીમ પામેલા, નિપુણ સલાહકાર અને વ્યક્તિગત બાબતમાં સહાય ઝંખતી વ્યક્તિ વચ્ચેનો સંબંધ છે." - પીઇટ્રોફેસા, હોફમેન અને સ્પ્લેટે
- **લેવિસ (1970) ના મતે સલાહની વ્યાખ્યાઓમાં નીચેના ત્રણ સામાન્ય તત્ત્વો જોવા મળે છે.**

a. **સલાહાર્થી** : મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ કે વિકાસના પ્રશ્નો સાથે આવનાર અને તેના નિવારણ માટે સહાય ઝંખનાર વ્યક્તિ 'સલાહાર્થી' (Counsellee) કે અસીલ (Client) ના નામે ઓળખાય છે.

b. **સલાહકાર** : મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ કે વિકાસના પ્રશ્નો હલ કરવામાં અન્યને સહાયરૂપ બની રહે તેવી જરૂરી લાયકાતો અને કૌશલ્યો ધરાવનાર, વ્યવસાયી તાલીમ પામેલા માણસ 'સલાહકાર' (Counsellor) તરીકે ઓળખાય છે.

c. **પારસ્પરિક આંતરક્રિયા** : સલાહકાર અને સલાહાર્થી વચ્ચે થતી આંતરક્રિયા, જેને પરિણામે સલાહાર્થીના વર્તનમાં કંઇક પરિવર્તન થાય છે જેને 'પારસ્પરિક આંતરક્રિયા' (Interpersonal Interaction) કહે છે. અહીં બંને વચ્ચેનો સંબંધ મહત્ત્વનો બની રહે છે.

સલાહના સોપાનો (Steps of Counselling)

- સલાહ પ્રક્રિયાને સમજવા બ્રોમર અને શોસ્ટ્રોમ (1982) એ દર્શાવેલ સોપાનોની સમજૂતી નીચે મુજબ છે :
  (1) સલાહાર્થીનો આવવાનો હેતુ જાણવો
  (2) સલાહ -સંબંધની સ્થાપના કરવી
  (3) સંરચના અને ધ્યેયો નક્કી કરવાં
  (4) સમસ્યાઓનું સ્પષ્ટીકરણ કરવું
  (5) સમસ્યાઓ અને ધ્યેયો સાથે કામ લેવું
  (6) કાર્યયોજના ઘડવી
  (7) પરિણામોનું મૂલ્યાંકન અને સલાહનો અંત

અસરકારક સલાહનાં લક્ષણો અને કૌશલ્યો (Characteristics & Shills of an Effective Counselling)

- પેટ્ટરશને દર્શાવેલાં અસરકારક સલાહમાં લક્ષણો નીચે મુજબ છે :
  (1) સલાહ એ સલાહાર્થીના પક્ષે સ્વૈચ્છિક વર્તન-પરિવર્તનને પ્રભાવિત કરવા સાથે સંબંધ ધરાવે છે.
  (2) સલાહને હેતુ સ્વૈચ્છિક પરિવર્તનને સરળ બનાવે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનો છે.
  (3) સલાહમાં સક્રિય રીતે સાંભળવાની ક્રિયા થાય છે. પરંતુ બધી જ સલાહ એ માત્ર શ્રવણક્રિયા નથી.
  (4) સલાહકાર પોતાના સલાહાર્થીને બીજા લોકો કરતાં વધુ ગહન રીતે સમજે છે.
  (5) સલાહ શાંત વાતાવરણમાં હાથ ધરાય છે. એમાં થતી વાતચીત ખાનગી રાખવામાં આવે છે.

38 પર્યાવરણ અને વર્તન

પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓ


- પર્યાવરણ અંગેનાં પ્રતિમાનો
  - કર્ટ લેવિન
  - બ્રોનફેનબ્રેનર
- માનવવર્તન પર પર્યાવરણની અસરો
- માનવવર્તનની પર્યાવરણ પર અસર
- પર્યાવરણને બચાવવાના ઉપાયો
- સ્વ-મૂલ્યાંકન : હેતુલક્ષી પ્રશ્નો

પર્યાવરણ અંગેનાં પ્રતિમાનો (Models of Environment)

કર્ટ લેવિનનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન

- કર્ટ લેવિને વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરવા માટે જીવન અવકાશ (Life Space) નો ખ્યાલ આપ્યો છે.
- લેવિનના મત પ્રમાણે જીવન અવકાશ એ વ્યક્તિના વર્તન (Behaviour-B) ને નક્કી કરતી સમગ્ર મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા છે.
- જીવન અવકાશ (Life space-L) માં પર્યાવરણમાં હાજર રહેલ દરેક એવી બાબત (Environment-E) નો સમાવેશ થાય છે જે વ્યક્તિના વર્તન પર અસર કરે છે.
- આ પર્યાવરણ (E) માં વ્યક્તિ (Person-P) ની આસપાસ ભૌતિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક ઘટકો જેવી દરેક બાબતોનો સમાવેશ થાય છે.
- લેવિન પર્યાવરણની વચ્ચે રહેલ વ્યક્તિ (P)ને જીવન અવકાશ કહે છે.
- આમ B = f(L)=f (PE)
- જ્યાં (E) પર્યાવરણ (Environment), (f) કાર્ય (Function) અને (P) વ્યક્તિ (Person છે.
- ભૌતિક વાતાવરણ પ્રત્યક્ષ અસર કરતું ન હોય તેને કર્ટ લેવિન બાહ્ય વિસ્તાર કહે છે, પરંતુ આ બાહ્ય વિસ્તાર વ્યક્તિની મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતાઓને અસર કરી શકે છે.

બ્રોનફેનબ્રેનરનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન



- બ્રોનફેનબ્રેનર પર્યાવરણ (પરિસર) અંગે જુદા અભિગમ ધરાવે છે.
- બ્રોનફેનબ્રેનરે પંખીના માળાની જેમ રચાયેલ પર્યાવરણને તેના ક્રમ પ્રમાણે પાંચ તંત્રો (systems) ના ખ્યાલ દ્વારા સમજાવવાનો પ્રયાસ કરેલ છે જે નીચે મુજબ છે :

a. **સૂક્ષ્મતંત્ર (Micro System)** : વ્યક્તિ જેમાં જીવે છે તે તેનું સૂક્ષ્મતંત્ર છે.

b. **અનુભવ તંત્ર (Meso Sytsem)** : આ તંત્રમાં વિવિધ સૂક્ષ્મ તંત્રો સમાયેલાં હોય છે.

c. **બાહ્ય તંત્ર (Exo System)** : આ તંત્ર વ્યક્તિની બહુ નિકટ ન હોય તેવી પરિસ્થિતિઓના અનુભવની તેની નજીકની વ્યક્તિઓ પર થતી અસરોનો નિર્દેશ કરે છે.